# સરખું ચાલી ન શકતા બાળકોને દોડતા કરવા માટે ચાલી રહ્યાં છે આ સેન્ટર...

## બાળકો માટેની ફિઝિયોથેરાપીના ક્ષેત્રમાં પણ અવ્વલ છે ભાવનગર...



પેજ નં. પાંચ ઉપર

PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ
કોશિશ થી કામયાબી
Since 1-8-1974
વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક
૧૫ ઓક્ટોબર : ૨૦૨૩, અંક નં. ૧૩૦/૪૯૬

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 October - 23 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 28

# બહેરા મૂંગા શાળા તસ્વીર સમાચાર


પોલીસ સ્ટેશનમાં રક્ષાબંધન


શિક્ષકદિનની ઉજવણી


જયંત શાહ એવોર્ડ અર્પણ


પાર્થિવ શિવ પૂજા કરતાં (SDO)



સાયન્સ સેન્ટરની મુલાકાતે


જીતુભાઈ મહેતા પરિવારની સંસ્થા મુલાકાત


શિક્ષક દિનની ઉજવણી (TTC HI)


નવા તાલીમાર્થીઓનું સ્વાગત (TTC HI)

# કોશિશથી કામયાબી

**આ અંકમાં ...**


- બહેરા મૂંગા શાળા તસ્વીર સમાચાર...........૦૨
- INDEX................................૦૩
- CONTENTS AT A GLANCE .....૦૪
- સરખું ચાલી ન શકતા બાળકોને દોડતા કરવા માટે ચાલી રહ્યાં છે આ સેન્ટર.............................૦૫
- PNR સોસાયટીમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ .....૦૫
- વોકેશનલ આર્ટ એન્ડ ક્રાફ્ટ વિષયના ત્રિ-દિવસીય સેમિનારનું સમાપન.......................૦૬
- અંધત્વ નિવારણ ક્ષેત્રે અદ્વિતીય સેવા આપનાર ડૉક્ટરશ્રીઓને સન્માનિત કરાયા............૦૬
- PNR સોસાયટીની ૩૬મી વાર્ષિક સામાન્ય સભા (AGM) .......................................૦૭
- નટરાજન સી. પી બાળકોની શાળા...........૦૮
- કે. એન. શાહ 'હાર્ટીક' ઈન્કલુઝિવ સ્કૂલ .....૧૦
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ...................૧૧
- પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર...૧૨
- અંબા સી. પી. હોસ્ટેલ.......................૧૩
- શ્રી શાહ ખી.લ. બહેરા મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ).........................૧૪
- શ્રવણમંદોની માધ્યમિક અને ઉ.મા.શાળા.......૧૫
- મહેતા છાત્રાલય ............................૧૮
- શ્રીમતી ચંદાબહેન મોહનભાઈ પટેલ છાત્રાલય...૧૯
- શ્રીમતી પી.આર. વાઘર સાધન સહાય વર્કશોપ..૧૯
- શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કોલેજ .......૨૦
- શેઠશ્રી વી. સી. લોઢાવાળા હોસ્પિટલ..........૨૨
- 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળા.........૨૩
- ટ્રેનિંગ કોલેજ ફોર આઈ. ડી. ચિલ્ડ્રન..........૨૩
- એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યુટ .......૨૪
- લાઈબ્રેરી ...................................૨૫
- ડોનેશન લિસ્ટ...............................૨૬
- PNR તસ્વીર સમાચાર.......................૨૭


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મૂકતાં આનંદની લાગણી અનુભવું છું.

## AGM અને આપણી સંસ્થાઓ...

દર વર્ષની જેમ સપ્ટેમ્બર-ઓકટોબર મહિનો એટલે ગત વર્ષ દરમ્યાન સંસ્થામાં થયેલ વિવિધ પ્રવૃત્તિઓ અને ઓડિટેડ હિસાબો તથા આગળના વર્ષનું અંદાજીત બજેટને રજૂ કરવાનો સમય અને ત્યારબાદ ચેરિટી કમિશ્નર અને ઈન્કમટેક્ષ વિગેરે વિભાગોમાં આ **AGM** માં મંજુર થયેલ ઓડિટેડ અહેવાલો વિગેરે મોકલાય છે.

**PNR** અને તેની સંલગ્નિત સંસ્થાઓ કે.એલ., 'અંકુર' વિગેરેમાં આ વર્ષની **AGM** માં તમામ બાબતો સર્વાનુમતે મંજુર થઈ, જે આપણાં ટ્રસ્ટીઓ-કાર્યકર્તાઓનો એક-બીજા પરનો વિશ્વાસ, સંસ્થાઓમાં ચાલતો પારદર્શી વહિવટ, પ્રમાણિકતા અને કર્મચારીઓની કાર્યનિષ્ઠાને આભારી છે.

દિવ્યાંગતા વિહીન સમાજ માટે જે ધ્યેય નિષ્ઠા સાથે આપણી સંસ્થાઓ શિક્ષણ, તાલીમ, સારવાર અને પુનઃવસન માટે કાર્ય કરી રહી છે, તેને સાકાર કરવા દાતાશ્રીઓનો અમૂલ્ય ફાળો છે જ, પણ સાથેજ જે-તે ક્ષેત્રના નિષ્ણાતો, વળતરની અપેક્ષા વગર નિઃસ્વાર્થભાવે, સમયદાન સાથે પોતાના જ્ઞાન અને અનુભવનો લાભ આપી, સમાજ સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહ્યાં છે તે પણ અગત્યનું પરિબળ છે. પૂર્વ સાંસદ અને અભ્યાસુ ચિંતક શ્રી રાજેન્દ્રસિંહ રાણાએ આપણી **PNR** સંસ્થાના એક કાર્યક્રમમાં કહેલા શબ્દો મને ખૂબ જ પ્રોત્સાહક અને પ્રેરણાદાયી લાગ્યા છે કે, ''તમે સૌ ટ્રસ્ટીઓ-કાર્યકર્તાઓને મંદિર જવાની જરૂર નથી, આ દિવ્યાંગોની સંસ્થા જ મંદિર છે, દિવ્યાંગોની સેવા-શિક્ષણ માટે તમે જે કાર્ય કરો છો, તે ઈશ્વરની ભક્તિ-પ્રાર્થના-પૂજા કરતા પણ વિશેષ છે.''

જુદા-જુદા ક્ષેત્રના અનેક મહાનુભાવોએ આપણી સંસ્થામાં થતાં કાર્યોને બીરદાવી, પ્રોત્સાહન પૂરું પાડયું છે, ત્યારે સંસ્થા સાથે જોડાયેલા તમામને પોતાનું જીવન સાર્થક થતું જણાય છે, તેથીજ આપણી સંસ્થાઓ સેવાકીય ક્ષેત્રે સરાહનીય કાર્ય કરી રહી છે અને આગળ પણ કરશે.

અસ્તુ.

**✍ કિરીટ રાઠોડ**

**" જિંદગી કેટલું સુંદર વળતર આપે છે. જ્યારે તમે બીજાને મદદરૂપ થઈ પોતેજ સમૃધ્ધ થાવ છો."**

**✍ રાલ્ફ વાલ્ડો ઈમર્સન**


**Koshish Thi Kamyabi**
RNI No. GUJGUJ/2013/48176
Postel Reg. No. L2/36/RNP/
BVR-414/ 2022-24, Monthly

- **અંક નં. ૧૩૦ / ૪૯૬**
  ઓક્ટોબર - ૨૦૨૩
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન: (૦૨૭૮) ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  મો. : ૯૪૯૯૬૬૧૬૯૪/૯૪૯૯૫૫૭૯૭૭
  **E-mail** : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us** : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org

- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  વંશિકા ફોર્મ્સ, ભાવનગર
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી.**

- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  વંશિકા ફોર્મ્સ, ભાવનગર
- સંપાદક મંડળ
  **ફાલ્ગુની ખાટસુરિયા**
  **ગજાનંદ ભટ્ટ**
  **જ્યોતિ ભટ્ટી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **રાજેશભાઈ હકાણી**




- **જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |




# CONTENTS AT A GLANCE



K. D. PADIA

### ◈ AGM of the PNR Society

The 36th Annual General Body Meeting and Board of Trustees were held on 3rd September, 2023 in the Conference Hall of PNR with newly elected President Shri Krishnakantbhai Chitaliya (Mumbai) in the Chair. The joint meeting began with tributes to President late Shri Shashibhai Vadhar, Trustee late Shri Anant A. Shah and late Shri Mansukhbhai Sorathia, worker observing 2–minutes silence in honour of departed souls. Shri Parasbhai Shah, Secretary General then presented activities and accomplishments and Shri Harshkantbhai Rakhashia presented Audited Annual Report for information of Members. Both were adopted unanimously.

### ◈ C. P. School's Gesture

The Nataraj Cerebral Palsy School has now added one more feather in its credit by opening Physiotherapy Center with all advanced gadgets to make children having difficulty in movement to run on Physiotherapists Day (8th September). Its other activities include Parents Training, Assessment Camp for Occupational Therapy, Exhibition on Maths-Science and Celebration of Rakshabandhan, Janmashtami and Teachers Day explaining their significance to their wards. The 3-Day seminar for Arts and Craft drew large audience.

### ◈ KLID Continues its Journey with Excellence

The K. L. Institute for the Deaf through its different arms is always in front. The tour of Primary School, Play, Jump and be Healthy campaign organised by local Rotoract Club, Educational tour of Secondary & Higher Secondary students, Parents meeting and celebration of festivals, Lions Day and Teachers Day were highlights of its activity. KLID-run workshop served 157 handicapped by providing 210 aids and appliances. The Teachers Training College of KLID organized External Practical Examination, Journal Club, Internship, visits of other institutions, online CRE and rendering services as Resource Persons have been important contribution for the cause of education of the deaf.

### ◈Other Activities

Prabhat Rally, World Lion's Day, Drawing competition on Nasha Mukti-De- addiction Day, cultural programme and celebration of festivals of K. N. Shah Hightech School; Parents Training, Vocational Training, Workshop and Celebration of festivals, Physiotherapy Day, Muscular Dystrophy Day of Disha-cum-Vikas Project; Free camps of cataract surgery of V. C. Lodhawala Hospital; Ankur School's Teachers Training College Orientation programme and Educational Tour; Online Training for disabled youths of Mahuva Taluka giving laptops for 2nd term by AT&T Technology Institute; Plastic Surgery for removing congenital deformities, Padiatric Ophthalmic Surgery and activities under Deafness Blindness Prevention of Pravinchandra Dalal Disability Prevention Center and important news find place in this issue.

# સરખું ચાલી ન શકતા બાળકોને દોડતા કરવા માટે ચાલી રહ્યાં છે આ સેન્ટર

## બાળકો માટેની ફિઝિયોથેરાપીના ક્ષેત્રમાં પણ અવ્વલ છે ભાવનગર

૮ સપ્ટેમ્બર ફિઝિયોથેરાપી ડે

રક્તદાન, ચક્ષુદાન ક્ષેત્રે સુંદર કામગીરી કરતું ભાવનગર, ફિઝિયોથેરાપીના ક્ષેત્રમાં પણ અવ્વલ છે. નાના બાળકોને આ સારવાર માટે સમગ્ર ગુજરાતમાં સૌથી આધુનિક, પણ ટ્રસ્ટના સેવાકીય ભાવ સાથે, ઉત્તમ સારવાર ભાવનગરમાં ઉપલબ્ધ છે. શહેર અને જિલ્લામાં પ્રાઈવેટ અને ટ્રસ્ટ સંચાલિત અનેક ફિઝિયોથેરાપી સેન્ટર ચાલે છે. આ સેન્ટર પર અનેક પ્રકારના સાધનો ઉપલબ્ધ પણ છે, પરંતુ બાળકોની સારવાર કરી શકાય તેવા સાધનો અને તેમાં પણ કેટલાક વિશેષ ઉપકરણો માત્ર પી.એન.આર. સોસાયટી સંચાલિત ફિઝિયોથેરાપી સેન્ટરમાં ઉપલબ્ધ છે અને તેના કારણે બાળકો માટે આ સુવિધા આશીર્વાદરૂપ બની છે.

બાળકને જન્મજાત ખોડખાંપણ હોય, હાથ કે પગ બરાબર કામ ન કરતા હોય, આંખ ત્રાંસી રહેતી હોય કે પછી કોઈ અકસ્માતે ઓપરેશન કર્યા બાદ શરીરના અંગો યોગ્ય કામ ન કરતા હોય, આ સમયે આ સંસ્થાના ભાવનગર ઉપરાંત તળાજા, મહુવા, પાલિતાણા, શિહોર ખાતેના સેન્ટર પર પણ સારવાર ઉપલબ્ધ છે. સ્થાપક ટ્રસ્ટી શ્રી બાબાભાઈ શાહે જણાવ્યું હતું કે, ''સેરેબ્રલ પાલ્સી, ઓટિઝમ તથા ખોડખાંપણવાળા બાળકો માટે તો આ છે જ, ઉપરાંત બાળકોને કોઈ ઓપરેશન બાદ આ પ્રકારની ફિઝિયોથેરાપીની જરૂર જણાય તો આ સેન્ટર પર સહુ માટે સુવિધા ઉપલબ્ધ છે. વિશેષ રીતે આ સેન્ટર બાળકો માટે જ સેવારત હોય, તેને ધ્યાનમાં રાખી સારવાર અને સેવાઓ ઉપલબ્ધ છે.''

આ સેન્ટર પર **મેટ્રિક્સ થેરાપી** કે જેના દ્વારા કડક થઈ ગયેલાં સ્નાયુઓને ઢીલા કરવામાં આવે છે. **ગેટ ટ્રેનર** સાધનથી બાળકોને યોગ્ય રીતે ચાલતા કરવાની સારવાર અને તાલીમ આપવામાં આવે છે. **બેલેન્સ બોર્ડ** દ્વારા શરીરનું સંતુલન રાખવાની સારવાર અને તાલીમ આપવામાં આવે છે. **ફિઝિયોબોલ**, **એક્સરસાઈઝ મશીન** અને આવા ઉપકરણો તથા તેના નિષ્ણાત વ્યકિતઓ દ્વારા બાળકની સારવાર કરવામાં આવે છે. સેક્રેટરી જનરલ શ્રી પારભાઈ શાહ તથા માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડના જણાવ્યાં મુજબ, દાતાઓના સહયોગથી તદ્દન રાહતદરે આ સેવા ઉપલબ્ધ થઈ શકી છે. સંસ્થાના તાલુકા મથકો પરના સેન્ટર જેવા કે તળાજા, મહુવા, શિહોર અને પાલિતાણા તથા ભાવનગર શહેરમાં પી.એન.આર. હોસ્પિટલ, વિદ્યાનગર અને નટરાજ કેમ્પસ સી.પી. સ્કૂલ, કાળિયાબીડ ખાતે પણ આ સુવિધા ઉપલબ્ધ છે. આ સુવિધા માટે ટેલિફોન નં. ૯૪૨૭૪૨૩૭૫૭ ઉપર સંપર્ક કરી શકાય છે.

## PNR સોસાયટીમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ



વર્ષાઋતુના વધામણા સાથે, શહેરની ધરતીને લીલીછમ બનાવવાના ભાગરૂપે નટરાજ કોલેજ કેમ્પસ, ભાવનગરમાં વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન તા. ૪ સપ્ટે.'૨૩ ના રોજ કરવામાં આવ્યું હતું. પર્યાવરણને વધુ ઘનિષ્ઠ અને સકારાત્મક ઉર્જાવાન બનાવવાના ભાગરૂપે આ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે PNR નટરાજમાં ૧૫ વીઘાનું કેમ્પસ ૫૦૦૦ થી વધારે નાના-મોટા વૃક્ષોથી સુશોભિત છે અને પર્યાવરણ ક્ષેત્રે સુંદર યોગદાન આપી રહ્યું છે. જેમાં સંસ્થાના સુએઝ પ્લાન્ટ દ્વારા સ્ટ્રોમ વોટરનો ઉપયોગ થઈ રહ્યો છે. આ વૃક્ષારોપણ, મુંબઈથી પધારેલા PNR સંસ્થાના પ્રમુખ શ્રી કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયા, ઉપપ્રમુખ શ્રી વામનભાઈ પારેખ (નીલકમલ), શ્રી કીર્તિભાઈ સંઘવી (નટરાજ પેન્સિલ્સ), સાથે જ સંસ્થાના ફાઉન્ડર શ્રી બાબાભાઈ, શ્રી પારસભાઈ શાહ, શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, શ્રી ધીરૂભાઈ ધંધુકિયા, શ્રી અશ્વિનભાઈ પંડયા (માનદ મંત્રી K.L.), શ્રી સૂર્યકાંતભાઈ ચાવડા અને શ્રી કીર્તિભાઈ ગાંધી (VCL), શ્રી પ્રકાશભાઈ કાપડિયા (માયા મચ્છરદાની) અને અન્ય કાર્યકર્તાઓના વરદ હસ્તે કરાયું હતું. ઉલ્લેખનીય છે કે, આ તમામ વૃક્ષો પર દરેક મહાનુભાવોના નામ-નંબર સાથે પ્લાસ્ટિક ટેગ મારી કાયમી સ્મૃતિ જાળવવામાં આવશે.

## વોકેશનલ આર્ટ એન્ડ ક્રાફ્ટ વિષયના ત્રિ-દિવસીય સેમિનારનું સમાપન

PNR સોસાયટી સંચાલિત નટરાજ સી.પી. સ્કૂલ દ્વારા નટરાજ ઓડિટોરીયમ હોલમાં તા. ૧૪ સપ્ટે.'૨૩ ના રોજ દિવ્યાંગ તથા કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના વિદ્યાર્થીઓનું વોકેશનલ યુનિટ તૈયાર કરવા માટેના ત્રિ-દિવસીય સેમિનારના સમાપનનો કાર્યક્રમ સંપન્ન થયો.

આ સન્માન સમારોહમાં મુંબઈના ઉદારદિલ દાતા, સંઘવી પરિવારના શ્રી ભારતીબેન સંઘવી અને તેમની ટીમ સર્વશ્રી અનિધા,અંજલિ, નિશા, ઉષા, જયોતિ, હિનાબેન, તથા સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી બાબાભાઈ, ઈલાબેન, સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, સહમંત્રી શ્રી ધીરૂભાઈ ધંધુકિયા, શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, વિશિષ્ટ શિક્ષકો તથા દિવ્યાંગ અને સમધારણ બાળકો આ પ્રસંગે ઉપસ્થિત રહેલ.

સી.પી. સ્કૂલના આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકીના પ્રસંગ પરિચય બાદ, પધારેલ સર્જકોની ટીમનું અભિવાદન, મીઠી યાદ તથા સ્મૃતિ ભેટ દ્વારા, સંસ્થા પરિવારના ટ્રસ્ટીગણ દ્વારા કરવામાં આવ્યું.

કાર્યક્રમ વિશે મુંબઈ ટીમના અનિધાબેન તથા શિખાબેને ભાવપૂર્ણ પ્રતિભાવો આપ્યાં. શ્રી બાબાભાઈએ પોતાના વકતવ્યમાં, શ્રી ભારતીબેનની કલા સૂઝની વાત કરી, તથા મુંબઈમાં આત્મનિર્ભર ટીમ ઉભી કરી, બહેનોને પોતાનું ઘર બરાબર ચલાવી શકે તે માટે આર્થિક રીતે પગભર કરી, અને હવે આ કામ આપણે અહીં કરવાનું છે, એવો પડકાર ફેંકયો છે.

શ્રી ભારતીબેન સંઘવીએ પ્રોડકટની કવોલિટી, નીખ્નેસ, કલાસિક ટચ, પેકેજિંગ, માર્કેટિંગ અને પ્રોફેશનાલિઝમની મહત્વની વાતો તથા સખત મહેનત અને ચોક્કસાઈનું મહત્વ સમજાવ્યું.

કાર્યક્રમનું સંચાલન શ્રી ખેવનાબેન ઓઝા દ્વારા તથા આભારવિધિ શ્રી તૃપ્તિબેન મહેતા દ્વારા કરવામાં આવી હતી.

## અંધત્વ નિવારણ ક્ષેત્રે અદ્વિતીય સેવા આપનાર ડૉક્ટરશ્રીઓને સન્માનિત કરાયા

**નેશનલ ફ્લેગ ડે સેલિબ્રેશન ૨૦૨૩** અંતર્ગત રાષ્ટ્રિય અંધજન મંડળ, ભાવનગર જિલ્લા શાખા દ્વારા સપ્તાહના ત્રીજા દિવસે, અંધત્વ નિવારણ ક્ષેત્રે અદ્વિતીય સેવા આપનાર ડૉકટર શ્રી રાજેન્દ્રસિંહજી વાઘેલા, ડૉ. શ્રી પાયલબેન અરોરા તેમજ ડૉ. શ્રી હર્ષાબેન મહેશ્વરીને વિવિધ મહાનુભાવોના વરદ હસ્તે પૂષ્પગુચ્છ, શાલ અને મેમેન્ટો દ્વારા સન્માનિત કરવામાં આવ્યાં હતાં. પી.એન.આર. સોસાયટીના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી બાબાભાઈએ, પી.એન.આર. સોસાયટી દ્વારા બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન ક્ષેત્રે થયેલ કામગીરીનો ચિતાર આપ્યો હતો. જયારે પી.એન.આર. ના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહે રાષ્ટ્રિય અંધજન મંડળ દ્વારા ૯૦ ના દાયકામાં કરવામાં આવેલી કામગીરીનો ઉલ્લેખ કરી, પી.એન.આર. સોસાયટીની અંધત્વ નિવારણ અંગેની કામગીરીનો ઈતિહાસ યાદ કર્યો હતો. આ પ્રસંગે સંસ્થાના જનરલ સેક્રેટરી શ્રી લાભુભાઈ સોનાણીએ જણાવ્યું હતું કે, ''રાષ્ટ્રિય અંધજન મંડળ ભાવનગર જિલ્લા શાખા આ વર્ષથી પી.એન.આર. સોસાયટી સાથે રહી અંધત્વને અટકાવવા જિલ્લાભરની શાળાઓમાં અભિયાન ચલાવશે, નેત્ર નિદાન કેમ્પોનું આયોજન કરશે અને જરૂરિયાતમંદ મળી આવેલ ખામીવાળા બાળકોના આંખના ઓપરેશનો પણ કરવામાં આવશે. રાષ્ટ્રિય અંધજન મંડળ, ભાવનગર જિલ્લા શાખા, આ માટે પી.એન.આર. સોસાયટી સાથે આર્થિક રીતે જોડાશે.'' તેમણે સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી, ભવિષ્યમાં અંધજનોના પુનઃસ્થાપન ક્ષેત્રે રાષ્ટ્રિય અંધજન મંડળ દ્વારા હાથ ધરનાર પ્રવૃત્તિઓની ઝાંખી આપી, જિલ્લાને વિકલાંગોના પુનઃસ્થાપન ક્ષેત્રે **આદર્શ જિલ્લો** બનાવવા સૌ કોઈને સહભાગી થવા આહ્‌વાન કર્યું હતું. એટલું જ નહીં તેમણે સપ્તાહ દરમિયાન માતબર ફંડ એકઠું કરવા જિલ્લાની શાળા-કોલેજના વિદ્યાર્થીઓને અભિયાનમાં જોડાવવા અપીલ કરી હતી. કાર્યક્રમના આરંભમાં અંકિતા ચૌહાણે શ્લોકગાન કરી વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું.

આ પ્રસંગે કાર્યક્રમને સફળ બનાવવા શ્રી કમલેશભાઈ મહેતા (ઉપપ્રમુખ-અંધ ઉદ્યોગ શાળા), પી.એન.આર. સોસાયટીના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, હોસ્પિટલના ચેરમેન શ્રી મહાસુખભાઈ ઝકડિયા, શ્રી હર્ષકાન્તભાઈ રાખશિયા (સહમંત્રી), શ્રી પંકજભાઈ ત્રિવેદી (ટ્રેઝરર), ટ્રસ્ટી શ્રી હેમંતભાઈ ગાંધી, શ્રી પ્રદીપભાઈ ભટ્ટ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે ડૉકટર શ્રી રાજેન્દ્રસિંહજી વાઘેલા સાહેબે પોતાનો પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, ''કર્મ એ વ્યક્તિનું દાયિત્વ છે, અમો અમારું કર્મ બજાવી રહ્યાં છીએ. દર્દી અમારા માટે ઈશ્વરનું સ્વરૂપ છે.'' ભવિષ્યમાં તેમણે આ ક્ષેત્રે સેવા આપતા રહેવાની ત્રણેય ડૉકટર મિત્રો વતી ખાતરી આપી હતી. મહેમાનોનું શાબ્દિક સ્વાગત શ્રી કમલેશભાઈ મહેતાએ કર્યું હતું, જયારે કાર્યક્રમનું સંચાલન શ્રી હસમુખભાઈ ધોરડાએ કર્યું હતું. આભાર દર્શન શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાના આચાર્ય શ્રી આઈ.જી. ગોહિલે કર્યું હતું.

# PNR સોસાયટીની ૩૯મી વાર્ષિક સામાન્ય સભા (AGM)



✍ કિરીટ રાઠોડ



**PNR** સોસાયટી, ભાવનગરની વર્ષ ૨૦૨૨-૨૩ની ૩૯મી વાર્ષિક સામાન્ય સભા **(AGM)** અને ટ્રસ્ટી મંડળની મિટીંગ તા. ૩-૯-૨૩ ના રોજ **PNR** ના કોન્ફરન્સ હોલમાં, નવા વરાયેલા પ્રમુખ શ્રી કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયા (મુંબઈ)ના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ હતી. આ સામાન્ય સભાની શરૂઆતમાં સંસ્થાના પ્રમુખ સ્વ. શશીકાંતભાઈ વાઘર, સ્વ. અનંતભાઈ એ. શાહ (મફતભાઈ) અને સંસ્થાના કાર્યકર સ્વ. મનસુખભાઈ સોરઠિયાના દુ:ખદ અવસાન નિમિત્તે બે મિનિટ મૌન રાખી શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી. સભાનું કોરમ પૂરું થતા મિટીંગનું કામ શરુ કરવામાં આવેલ. જેમાં સૌ પ્રથમ ગત તા. ૪-૯-૨૨ ની સામાન્ય સભાની કાર્યનોંધને બહાલી બાદ, સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહે વર્ષ ૨૦૨૨-૨૩ ની ટ્રસ્ટની પ્રવૃત્તિઓનો વિસ્તૃત અહેવાલ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા રજૂ કર્યો હતો. દરેક સભ્યશ્રીઓ દ્વારા સંતોષ સાથે સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

ટ્રેઝરર શ્રી હર્ષકાંતભાઈ રાખશિયાએ વર્ષ ૨૦૨૨-૨૩ ના ઓડિટેડ અહેવાલ અને રિપોર્ટ રજૂ કર્યો હતો, જેમાં તેઓએ મુંબઈ ઓફિસ અને **PNR - USA** દ્વારા ગત વર્ષ દરમ્યાન મળેલ ડોનેશનરૂપી યોગદાનનો ખાસ ઉલ્લેખ કર્યો હતો, જેને સભાએ સર્વાનુમતે બહાલી આપી, શ્રી રાખશિયાભાઈની કામગીરીની પ્રશંસા કરવામાં આવી હતી. ત્યારબાદ તેઓએ **PNR** નું વર્ષ ૨૦૨૩-૨૪ નું અંદાજીત બજેટ રજૂ કરતા, તે યોગ્ય જણાતા, મંજુરી આપી, સર્વાનુમતે બહાલી અપાય હતી. મુંબઈ ઓફિસની ગત વર્ષની વિવિધ કામગીરીનો અહેવાલ જોઈન્ટ સેક્રેટરી શ્રી પ્રકાશભાઈ (મુંબઈ) એ આપેલ. મુંબઈ ઓફિસની પ્રસંશનીય કામગીરી બદલ ત્યાં કાર્ય કરતા ટ્રસ્ટીશ્રીઓને બીરદાવવામાં આવ્યાં હતાં. ત્યારબાદ મળેલ **PNR** ની ટ્રસ્ટી મંડળની મિટીંગમાં, ટ્રસ્ટી મંડળની સરક્યુલર મિટીંગ, ગત વર્ષની કાર્યનોંધ, તેમજ એક્ઝિક્યુટીવ કમિટીની કાર્યનોંધને બહાલી આપવામાં આવી હતી. આગામી ત્રણ વર્ષ માટે સોસાયટીના હોદ્દેદારોની નિમણૂંક અંગે, ટ્રસ્ટી શ્રી રાજુભાઈ હાકાણીએ પ્રસ્તાવ રજૂ કર્યો, જેને નીચેની વિગતે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યો હતો. જેમાં...

**શ્રી કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયા - પ્રમુખ, શ્રી નરેન્દ્રભાઈ કે. શાહ - ચેરમેન, શ્રી ભરતભાઈ એસ. પારેખ - વાઈસ ચેરમેન, શ્રી વામનભાઈ વી. પારેખ - વાઈસ ચેરમેન, શ્રી પારસભાઈ સી. શાહ - સેક્રેટરી જનરલ, શ્રી કિરીટભાઈ એ. રાઠોડ - માનદ્ મંત્રી, શ્રી પ્રકાશભાઈ એન. દેસાઈ - સહમંત્રી, શ્રી ધીરુભાઈ જે. ધંધુકિયા - સહમંત્રી, શ્રી હર્ષકાંતભાઈ પી. રાખશિયા - ટ્રેઝરર**

ત્યારબાદ સંસ્થાના સુચારુ સંચાલન માટે વિવિધ કમિટીઓની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવેલ. ઉપરોકત ઉલ્લેખ થયેલ ટ્રસ્ટીઓ-કાર્યકર્તાઓ સિવાય જે કાર્યકતાઓએ આ **AGM** માં ઉપસ્થિત રહી અને ચર્ચામાં ભાગ લીધેલ, તેમાં શ્રી બાબાભાઈ (ફાઉન્ડર), ટ્રસ્ટીશ્રીઓ શ્રી નરેન્દ્રભાઈ કે. શાહ, શ્રી ભરતભાઈ એસ. પારેખ, શ્રી ગિરીશભાઈ શાહ, શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી કીર્તિભાઈ સંઘવી અને શ્રી હરેનભાઈ સંઘવી (મુંબઈ), શ્રી વામનભાઈ વી. પારેખ (મુંબઈ), શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી પ્રદીપભાઈ ભટ્ટ તથા આમંત્રિતો સર્વશ્રી લાભુભાઈ સોનાણી (જનરલ સેક્રેટરી, અંધશાળા), શ્રી અલ્પેશભાઈ શેઠ (માનદ્ મંત્રી,'અંકુર' શાળા), શ્રી સૂર્યકાંતભાઈ ચાવડા (માનદ્ મંત્રી, લોઢાવાળા હોસ્પિટલ) વિગેરે મુખ્ય હતાં. આ **AGM** માં નવા વરાયેલા પ્રમુખશ્રી કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયાએ **PNR** ને રૂા. અગિયાર લાખનું ડોનેશન જાહેર કર્યું હતું. જયારે શ્રી રાજુભાઈ હકાણી (ઉપપ્રમુખ) એ લોઢાવાળા હોસ્પિટલ માટે અપીલ કરતા, આગામી પાંચ વર્ષ માટે શ્રી નરેન્દ્રભાઈ શાહે રૂા. બે લાખ, હિન્દુસ્તાન પેન્સિલ્સ પ્રા. લિ. એ રૂા. બે લાખ, **PNR** સોસાયટીએ રૂા. બે લાખ, શ્રી કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયા રૂા. એક લાખ તથા શ્રી વામનભાઈ પારેખે રૂા. એક લાખ આપવાનું જાહેર કર્યું હતું. કાર્યક્રમના સમાપનમાં આભારવિધિ સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે કરી હતી. આજની **AGM** નું ડિનર નવા વરાયેલ પ્રમુખશ્રી કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયા તરફથી ઈસ્કોન કલબ ખાતે રાખવામાં આવ્યું હતું.



# નટરાજ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા



વિભૂતિ વ્યાસ

## પેરેન્ટ્સ ટ્રેનિંગ પ્રોગ્રામ



તા. ૨૫-૮ ના રોજ **પેરેન્ટ્સ ટ્રેનિંગ પ્રોગ્રામ**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાલીઓમાં જાગૃતિ અને સહભાગીતા વધે તે મુખ્ય હેતુ અંતર્ગત આ તાલીમ કાર્યક્રમમાં શ્રી ભગીરથસિંહ ચુડાસમા (SDO, ભાવનગર જિલ્લા, સમાજ સુરક્ષા ખાતુ) દ્વારા દિવ્યાંગ બાળકોને સરકારશ્રી દ્વારા પ્રાપ્ત થતાં વિવિધ લાભો, તેમજ દિવ્યાંગોને પુનઃવસન માટેની વિવિધ યોજનાઓ વિશે વિસ્તારથી માહિતી આપવામાં આવેલ. શ્રી રાજેન્દ્ર પ્રસાદ યાદવ (CRC, અમદાવાદ) એ RPWD Act વિશે વાલીઓને માહિતગાર કર્યા હતાં. ડૉ. અંબર ગુપ્તા દ્વારા સ્પિચ થેરાપી વિશે તથા સ્કૂલના ઈન્ચાર્જ આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા **નિરામયા હેલ્થ પોલીસી** અને **ઝેલો એપ** વિશે વાલીઓને માહિતી સાથે માર્ગદર્શન પૂરું પાડયું હતું. આ તાલીમ કાર્યક્રમમાં અંકુર શાળા, ખી.લ. બહેરાં-મૂંગા શાળા, નટરાજ સી.પી. સ્કૂલના કુલ ૧૫૦ વાલીઓએ તાલીમ લીધી હતી.

## ઓક્યુપેશનલ થેરાપી અસેસમેન્ટ કેમ્પ




તા. ૨૬-૮ ના રોજ શ્રી કે.એન. શાહ ઓટિઝમ સ્કૂલ તથા શ્રી મુકેશભાઈ ઓઝાના સહયોગથી **ઓક્યુપેશનલ થેરાપી અસેસમેન્ટ કેમ્પ**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. દિપક ગંજીવાલા, અને ડૉ. બ્રિજેશ મિશ્રા દ્વારા ૩૫ બાળકોના અસેસમેન્ટ, નિદાન સાથે સારવાર પ્લાન તૈયાર કરવામાં આવેલ. આ કેમ્પ શ્રી જીજ્ઞાબેન સોલંકીનાં માર્ગદર્શન હેઠળ ડૉ. ચાર્મિ રાઠોડ અને ડૉ.યેશા ભટ્ટ દ્વારા કો-ઓર્ડિનેટ કર્યું હતું.

## રક્ષાબંધન ઉજવણી

તા. ૨૮-૮ ના રોજ પવિત્ર **રક્ષાબંધન**ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નાની દિવ્યાંગ બાળાઓએ, દિવ્યાંગ ભાઈઓના હાથે રાખી બાંધી, સાથે કુમકુમ તિલક અને ઓકલેટથી મોં મીઠું કરાવ્યું હતું. આ કાર્યક્રમમાં કે.એન.શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ, સરદાર પટેલ સ્કૂલના નર્સરી અને પ્રાયમરી વિભાગની વિદ્યાર્થીનીઓ દ્વારા દિવ્યાંગ બાળકોને રાખી, કુમકુમ તિલક કરી તંદુરસ્તીની શુભકામના સાથે મિઠાઈથી મોં મીઠું કરાવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડની ઉપસ્થિતિએ ઉત્સાહમાં વધારો કર્યો હતો. આ કાર્યક્રમનું સંકલન અને સંચાલન શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.

## જન્માષ્ટમી ઉજવણી



તા. ૨-૯ ના રોજ **જન્માષ્ટમી**ની ઉમંગ ઉત્સાહ, શ્રધ્ધા, ભક્તિ સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં આમંત્રિત મહેમાનો શ્રી ડૉ. વૈશાલીબેન પટેલ (પ્રેસિડેન્ટ ઈનર વ્હીલ કલબ, ભાવનગર), ડૉ. રાજશ્રીબેન બોસ્મીઆ (ડિસ્ટ્રીકટ પ્રોજેકટ કો-ઓર્ડિનેટર મેન્ટલ હેલ્થ વર્ષ ૨૦૨૩-૨૪), શ્રી અંબીકાબેન ટેકરીવાલ, શ્રી સુજાતા બંસલ તથા ઈનર વ્હીલ કલબ મેમ્બરશ્રીઓનું, શાબ્દિક સાથે પુષ્પગુચ્છથી સ્વાગત શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત શ્રી કૃષ્ણ પ્રાર્થનાથી કરવામાં આવેલ જેમાં નટરાજ સી.પી. સ્કૂલ, દિશા કમ વિકાસ પ્રોજેકટ, શ્રી કે.એન.



શાહ ઓટિઝમ સ્કૂલનાં ભૂલકાઓ દ્વારા 'મારા પ્રભુજી નાના છે' પ્રાર્થના પ્રસ્તુત કરેલ.

પી.એન.આર સોસાયટી એક છત્રની નીચે વિવિધ દિવ્યાંગતા ધરાવતાં દિવ્યાંગોને ઉપલબ્ધ કરાવવામાં આવતી વિવિધ અદ્યતન સારવાર-સુવિધાઓથી સુસજ્જ થેરાપી વિભાગો સાથે, વિશિષ્ટ શિક્ષણની સુવિધાઓને દ્રશ્યમાન કરાવતી ડોક્યુમેન્ટરી શોર્ટ ફિલ્મ બતાવવામાં આવી હતી. વિવિધ દિવ્યાંગતાં ધરાવતાં વિવિધ પ્રોજેક્ટના નાના ભુલકાઓ દ્વારા જન્માષ્ટમી આધારીત ફેન્સી ડ્રેસ કૃતિ રજુ કરવામાં આવી. કાર્યક્રમનું મુખ્ય કેન્દ્ર શ્રી કૃષ્ણ જન્મોત્સવ, શ્રી કૃષ્ણના જન્મથી લઈ તેની વિવિધ લીલાઓની ઝાંખી કરાવતું દ્રશ્યગીત સંસ્થાનાં શિક્ષકશ્રીઓ, વાલીશ્રીઓ, દિવ્યાંગ વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. દર્શક ગણ આ દ્રશ્યગીત જોઈ કૃષ્ણ ભક્તિમાં તરબોળ થઈ ગયા હતાં. આ દ્રશ્યગીત, દિવ્યાંગ વિદ્યાર્થીઓ મૂર્ત સ્વરૂપથી અમૂર્ત સ્વરૂપની સંકલ્પનાને સમજે, જાણે, એ હેતુથી પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મધ્યે અતિથી વિશેષ ડૉ. વૈશાલીબેન પટેલ દ્વારા પ્રાસંગિક ઉદબોધન બાદ, સંસ્થામાં ચાલતા નીલકમલ મુંબઈ દ્વારા ચાલતાં રીચીંગ ટુ અનરિચ્ડ પ્રોજેક્ટ અંતર્ગત ૩ દિવ્યાંગ બાળકોને મહેમાનશ્રીઓના વરદ હસ્તે એજ્યુકેશન કીટનું વિતરણ કરવામાં આવેલ. શ્રીકૃષ્ણ જન્મોત્સવમાં શ્રી કૃષ્ણની વધામણીની ઘડીઓમાં ''નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકી'' ના નાદ સાથે શ્રી કૃષ્ણ જન્મ અને દિવ્યાંગ નાના ભૂલકાઓ જે કૃષ્ણ બન્યા હતા, તેના દ્વારા મટકી ફોડી, માખન શ્રી લાલાને ધરાવવામાં આવેલ. શ્રી બાલ કૃષ્ણને પારણે સંસ્થાના ફાઉન્ડર શ્રી બાબાભાઈ, શ્રી પ્રકાશભાઈ, સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, શ્રી એચ.પી.રાખશિયા શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી પ્રદિપભાઈ ભટ્ટ, શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા ઝૂલાવવામાં આવેલ. આનંદ વિભોર બનેલ ગોપીઓ દ્વારા રાસ-ગરબાથી નટરાજ ઓડિટોરીયમ ગુંજી ઉઠયું હતું. કાર્યક્રમની આભારવિધિ શ્રી ખેવનાબેન ઓઝાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી જયોતિબેન પરમાર અને તેની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું તથા સમગ્ર કાર્યક્રમ સંચાલન શ્રી વિભૂતીબેન વ્યાસે કર્યું હતું.

## શિક્ષક દિન ઉજવણી




તા. ૫-૯ ના રોજ **શિક્ષક દિનની ઉજવણી** નિમિત્તે સાયન્સ સિટીમાં શિક્ષક અને વિદ્યાર્થીઓ માટે યોજાયેલ વિશેષ કાર્યક્રમમાં ધો-૮ નો વિદ્યાર્થી અંધારીયા મીત અમીતભાઈ અને વિશિષ્ટ શિક્ષક શ્રી વરૂણભાઈ વ્યાસે ભાગ લઈ, સૌરમંડળ બનાવવાની પ્રવૃત્તિ કરી સર્ટીફિકેટ પ્રાપ્ત કરેલ છે.શિક્ષક દિન નિમિત્તે કોલાર્ઝ વર્ક, કાર્ડ મેકીંગ, વકતૃત્વ સ્પર્ધા, નિબંધ લેખન વગેરે પ્રવૃત્તિઓ ઓનલાઈનના માધ્યમથી કરવામાં આવેલ તથા જેમા ભાગ લીધેલ તમામ દિવ્યાંગ વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવ્યાં હતાં.

## ગણિત વિજ્ઞાન પ્રદર્શન ૨૦૨૩

તા. ૧૨-૯ ના રોજ G.C.E.R.T. પ્રેરિત અને જિલ્લા શિક્ષક તાલીમ ભવન, ભાવનગર દ્વારા માર્ગદર્શિત **બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન**, ગૌરીશંકર પ્રાથમિક શાળા, બોરતળાવ ખાતે યોજવામાં આવેલ. જેમાં શાળાનાં ધોરણ ૫ થી ૮ના કુલ ૧૫ વિદ્યાર્થીઓને પ્રદર્શનની મુલાકાતે લઈ જવામાં આવેલ. જેમાં સૌરઉર્જા, વાતાવરણમાં પ્રદુષણ, ફેકટરીઓ એક જોખમ, સોલાર પેનલ, હોકાયંત્ર વગેરે વિષયો પર મોડેલનાં માધ્યમથી તથા ઓડિયો વિઝ્યુઅલ માહિતીથી નિહાળી, ઉપયોગી એવી માહિતી મેળવેલ. આ પ્રદર્શન જોવા જવા માટે, શ્રી જયોતિબેન પરમાર અને શ્રી વિભૂતીબેન વ્યાસે આયોજન કરેલ.

### ગુરુની વ્યાખ્યા


### "ગુરુ દેવો ભવ"

ગુરુ એટલે જ્ઞાનનો અખૂટ ભંડાર.
ગુરુ એટલે વિદ્યાર્થીની સમસ્યાનું સમાધાન.
ગુરુ એટલે અંધકારથી ઉજાસ તરફ લઈ જનાર.
ગુરુ એટલે ખરૂં માર્ગદર્શન આપનાર.
ગુરુ એટલે વિદ્યાર્થીના જીવનને સવારનાર.
ગુરુ એટલે અવગુણોમાંથી ગુણોને સીંચનાર.
ગુરુ એટલે વિદ્યાર્થી માટે પોતાનાથી વધારે સારું વિચારનાર.
ગુરુ એટલે કડવું બોલીને વિદ્યાર્થીના જીવનને મધુર બનાવનાર.
ગુરુ એટલે ભણતર સાથે જીવનનો કક્કો શીખવનાર.

**- હિરલ ગોહિલ**




# કે. એન. શાહ
# 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ



✍ ધીરુભાઈ ધંધુકિયા

## પ્રભાત રેલી

સ્કૂલમાં તા. ૯-૮ ના રોજ 'મેરી મિટ્ટી, મેરા દેશ' અંતર્ગત **પ્રભાત રેલી** યોજવામાં આવેલ. આ રેલીમાં ધો. ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ જોડાયા હતાં. ભારતના વીર શહીદોની યાદમાં જેમણે દેશ માટે કુરબાની આપેલ, તેમની વીરતા, દેશપ્રેમને ઉજાગર કરવાની ભાવના અને શહીદોના નારા રેલીમાં લગાવવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીઓ ઉત્સાહભેર આ રેલીમાં જોડાયા હતાં. સાથે શાળામાં ધો. ૧ થી ૪ ના વિદ્યાર્થીઓ દ્વારા પર્ણપોથી તૈયાર કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ જુદા-જુદા વૃક્ષોના પર્ણ એકત્ર કરી તેની માહિતી મેળવી અને કાગળ પર ચોટાડીને સુંદર પર્ણપોથી તૈયાર કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રી દ્વારા કરવામાં આવેલ.

## વિશ્વ સિંહ દિવસ




સ્કૂલમાં તા. ૧૦-૮ ના રોજ **વિશ્વ સિંહ દિવસની ઉજવણી** કરવામાં આવેલ. સિંહ સંરક્ષણના પ્રયત્નો અને સ્થાનિક લોકોના પ્રચંડ સમર્થનને કારણે આ અલભ્ય અને ઝાઝરમાન સિંહને બચાવવા અને લોકોમાં તેની જાગૃતતા કેળવવા, શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સિંહના મોહરા પહેરી રેલી યોજવામાં આવી હતી. તેમજ સિંહોનું રક્ષણ અને સંવર્ધન માટેની પ્રતિજ્ઞા બાળકો અને શિક્ષકોએ લીધી હતી.

## વ્યસન મુકિત વિષય પર ચિત્ર સ્પર્ધા

સ્કૂલમાં તા. ૧૦-૮ ના રોજ રેડક્રોસ સોસાયટી અંતર્ગત ધો. ૫ થી ૮ માં વ્યસન મુકિત વિષય પર **ચિત્ર સ્પર્ધા** યોજવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા વ્યસન મુક્તિ માટેના સ્લોગન અને ચિત્રો તૈયાર કરવામાં આવેલ. વિદ્યાર્થીઓ દ્વારા દોરેલ ચિત્રોનું પ્રદર્શન ગોઠવવામાં આવેલ. સાથો-સાથ વિદ્યાર્થીઓને વ્યસનથી થતું



નુકશાન, બીમારી જે વ્યકિતને મૃત્યુ સુધી પહોંચાડે છે તેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓમાં સરસ ચિત્ર દોરનારને ક્રમાંક આપી, પ્રોત્સાહન પૂરું પાડયું હતું. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર આ પ્રવૃત્તિમાં ભાગ લીધો અને વ્યસન મુક્તિ કાર્યક્રમમાં સહભાગી બની સમાજમાં જાગૃતતા લાવવા પ્રયત્ન કર્યો હતો.

## સાંસ્કૃતિક કાર્યક્રમ




સ્કૂલમાં તા. ૧૨-૮ ના રોજ **આઝાદી કા અમૃત મહોત્સવ** અંતર્ગત 'મેરી મિટ્ટી, મેરા દેશ' **સાંસ્કૃતિક કાર્યક્રમ**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં દેશભક્તિ ગીત, શૌર્ય ગીત, એક પાત્રીય અભિનય અને વકૃત્વ સ્પર્ધા યોજવામાં આવેલ.વિદ્યાર્થીઓ દ્વારા શહીદો પર વકતવ્ય આપવામાં આવેલ. દેશભક્તિ ગીત પર અભિનય રજૂ કરેલ અને વીર શહીદોને યાદ કરેલ. વકૃત્વ સ્પર્ધામાં શ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને ક્રમાંક આપી પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું. શાળાનું વાતાવરણ દેશભક્તિના રંગમાં રંગાયેલ હતું. વિદ્યાર્થીઓએ ઉત્સાહથી આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધેલ. ધો. ૫ થી ૮ ના વિદ્યાર્થીઓ દ્વારા વ્યસન મુક્તિ વિષય પર સુંદર નાટક રજૂ કર્યું હતું.

## શૈક્ષણિક પ્રવાસ



સ્કૂલમાં તા. ૧૭-૮ ના **શૈક્ષણિક પ્રવાસ**નું આયોજન કરવામાં આવેલ. આ પ્રવાસમાં વાંકયા હનુમાનજી, તિરૂપતિ બાલાજી, જલધારા ખોડિયાર, રાજપરા ખોડિયાર મંદિર જેવા વિવિધ સ્થળોનો સમાવેશ કરવામાં આવેલ. શાળાએથી સવારના ૮ વાગ્યે પ્રવાસ પ્રસ્થાન કરેલ. સૌ પ્રથમ વિદ્યાર્થીઓએ વાંકિયા હનુમાનજી મહારાજના દર્શન કર્યા. ત્યારબાદ વિદ્યાર્થીઓને સવારનો સમોસાનો નાસ્તો કરાવવામાં આવ્યો હતો. ત્યાર પછી વિદ્યાર્થીઓને તિરૂપતિ બાલાજીના દર્શનાર્થે લઈ જવામાં આવ્યા. ત્યાં બાળકોને વરિયાળીના શરબતની પ્રસાદી આપવામાં આવેલ અને પરત હનુમાનજીના મંદિરે લઈ જવામાં આવેલ અને બપોરનું ભોજન કરાવવામાં આવેલ. ભોજન લીધા બાદ બધા વિદ્યાર્થીઓએ લંગડી, ખો-ખો, પકડા-પકડી, સંગીત બોલ જેવી રમતો રમી. ધો. ૫ થી ૧૨ ના વિદ્યાર્થીઓને ટ્રેકિંગ કરાવીને, જલધારા ખોડિયાર માતાજીના દર્શનાર્થે લઈ જવામાં આવ્યા. ત્યારબાદ પ્રવાસ ભાવનગર તરફ પરત ફરતા રસ્તામાં રાજપરા ખોડિયાર મંદિર માતાજીના દર્શન કરવા બાળકોને લઈ ગયા અને સાંજનો વેફરનો નાસ્તો બાળકોને આપવામાં આવેલ. સાંજના ૫ વાગે પ્રવાસ શાળાએ પરત ફરેલ. બાળકોએ શૈક્ષણિક પ્રવાસનો ખૂબ જ આનંદ માણેલ હતો.

## રક્ષાબંધન

સ્કૂલમાં તા. ૨૯-૮ ઓગસ્ટના રોજ **રક્ષાબંધન પર્વની ઉજવણી**




કરવામાં આવેલ. તેમાં બાલમંદિર તેમજ ધો. ૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ ફ્રી યુનિફોર્મમાં આવેલ અને દરેક બહેનોએ ભાઈઓને પરંપરાગત રીતે રાખડી બાંધી અને કંકુ ચોખાથી પૂજન કર્યું હતું. રક્ષાબંધન પર્વ એ ભાઈ અને બહેન વચ્ચેના પ્રેમ અને રક્ષણનું પ્રતીક છે ભાવ જીવનભર તેમની બહેનોનું રક્ષણ કરવાનું વચન આપે છે આ પવિત્ર પર્વની આનંદ અને ઉલ્લાસભેર શાળામાં ઉજવણી કરવામાં આવી હતી. ઉપરોકત તમામ કાર્યક્રમો શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયાના આયોજન અને માર્ગદર્શન નીચે, શાળાના સ્ટાફ દ્વારા કરવામાં આવ્યાં હતાં.



# દિશા કમ વિકાસ પ્રોજેક્ટ

## દિવ્યાંગો માટે આશા કિરણ...

✍ અમિત મિત્રા



## પેરેન્ટ્સ ટ્રેનિંગ પ્રોગ્રામ

તા. ૨૫ ઓગસ્ટ '૨૩ના રોજ શ્રી પી.એન.આર. સોસાયટી દ્વારા **પેરેન્ટ્સ ટ્રેનિંગ પ્રોગ્રામ**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમમાં શ્રી ભગીરથસિંહ ચુડાસમા (SDO, ભાવનગર) દ્વારા દિવ્યાંગ બાળકો માટે સરકારશ્રી દ્વારા ચલાવવામાં આવતી વિવિધ કલ્યાણકારી યોજનાઓ વિશે તથા મહત્વપુર્ણ એવી ૧૮ વર્ષથી મોટા બાળકોના વાલીઓ માટે લિગલ ગાર્ડિયનશીપ વિશે માહિતી વાલીઓને પૂરી પાડેલ. ત્યાર બાદ શ્રી રાજેન્દ્ર પ્રસાદ યાદવ (CRC, અમદાવાદ) દ્વારા RPWD Act દ્વારા દિવ્યાંગ બાળકોને અભ્યાસ દરમ્યાન તથા ત્યાર પછી નોકરી મેળવવામાં મળતા લાભો વિશે માહિતગાર કરેલ.નટરાજ સી.પી. સ્કૂલનાં ઈન્ચાર્જ આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા નિરામયા હેલ્થ પોલીસી અને ઝેલો એપ વિશે માર્ગદર્શન પૂરું પાડેલ. દિશા કમ વિકાસ પ્રોજેકટના ૧૫થી વધુ વાલીઓ તથા વિશિષ્ટ શિક્ષક શ્રી બીનાબેન જાનીએ ભાગ લીધેલ.

## રક્ષાબંધન પર્વની ઉજવણી

તા. ૨૮ ઓગસ્ટ '૨૩ના રોજ **રક્ષાબંધનની ઉજવણી** કરવામાં આવેલ. જેમાં દિશા કમ વિકાસ પ્રોજેકટના વિદ્યાર્થીઓ તથા કે.એન.શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલમાં ભણતા પ્રોજેકટના વિદ્યાર્થીઓએ અન્ય વિદ્યાર્થીઓ સાથે મળીને રક્ષાબંધન પર્વની ઉજવણી, રાખડી બાંધી અને મોં મીઠું કરાવીને કરી હતી. ત્યારબાદ સંસ્થાના શિક્ષકગણ દ્વારા રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી.

## જન્માષ્ટમી પર્વની ઉજવણી




તા. ૨ સપ્ટેમ્બર `૨૩ના રોજ **જન્માષ્ટમીની ઉજવણી** કરવામાં આવેલ. જે કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ ૧૫ મિનીટ લાંબી કૃષ્ણલીલાની નાટયાત્મક-સંગીતમય પ્રસ્તુતી હતી. જેની તૈયારી કરાવવામાં દિશા કમ વિકાસ પ્રોજેકટના સ્ટાફની ખુબજ મહત્વની ભૂમિકા રહેલ તે ઉપરાંત દિશા કમ વિકાસ પ્રોજેકટના વાલીઓ અને શિક્ષકગણ દ્વારા ''દેવ મારો દ્વારકા વાળો'' ગીત પર ડાન્સ પર્ફોમન્સ કરવામાં આવેલ. દિશા કમ વિકાસ પ્રોજેકટના વિદ્યાર્થીઓ દ્વારા '' કાન્હા સો જા જરા'' ગીત પર ડાન્સ પર્ફોમન્સ કર્યું હતું. દિશા કમ વિકાસ પ્રોજેકટના ૫ વિદ્યાર્થીઓએ કૃષ્ણ ભગવાનની વેશભૂષા ધારણ કરી, કાર્યક્રમના ભાગ રૂપે ભૂમિકા ભજવી હતી.

## વર્લ્ડ ફિઝીયોથેરાપી ડે ની ઉજવણી


તા. ૮ સપ્ટેમ્બર `૨૩ ના રોજ **વર્લ્ડ ફિઝીયોથેરાપી ડેની ઉજવણી** કરવામાં આવી હતી. જેમાં પ્રોજેકટના ફિઝીયોથેરાપીસ્ટ ડૉ. સાલેહા પઠાણ દ્વારા ફિઝયોથેરાપી એટલે શું ?, ફિઝીયોથેરાપીસ્ટનું મહત્વ શું છે ? જૂદા-જૂદા બાળકોમાં ફિઝયોથેરાપીની જરૂરિયાત અંગે માર્ગદર્શન પૂરું પાડી, પ્રેકિટકલ કાર્ય બતાવવામાં આવ્યું હતું.

## વર્લ્ડ મસ્કયુલર ડિસ્ટ્રોફી ડે ની ઉજવણી

તા. ૭ સપ્ટેમ્બર `૨૩ ના રોજ **વર્લ્ડ મસ્કયુલર ડિસ્ટ્રોફી ડેની ઉજવણી** કરવામાં આવેલ. જેમાં પ્રોજેકટના ફિઝયોથેરાપીસ્ટ ડૉ. નીતા રાઠોડ દ્વારા મસ્કયુલર ડિસ્ટ્રોફીના લક્ષણો, તેની સારવાર, તેના માટે કરવા પડતા એડપ્ટેશન વિશે માહિતી આપી હતી. ત્યારબાદ કરાવવાની કસરતો અંગે પ્રેકટીકલ કસરતો કરીને વાલીઓને બતાવી હતી.

## વોકેશનલ ટ્રેનિંગ વર્કશોપ

તા. ૧૨ થી ૧૪ સપ્ટેમ્બર `૨૩ના રોજ સી.પી.સ્કૂલ સંલગ્ન પ્રોજેકટના સ્ટાફ, વાલીઓ અને વિદ્યાર્થીઓ માટે સંસ્થાના શુભેચ્છક શ્રી ભારતીબેન સંઘવી અને તેમની ૬ સભ્યોની ટીમ દ્વારા **વોકેશનલ ટ્રેનિંગ વર્કશોપ**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દિશા કમ વિકાસ પ્રોજેકટ વતી શ્રી હર્ષાબેન પાડલિયાએ ભાગ લીધો હતો.



# પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર



✍ જીજ્ઞેશ પારેખ

## પ્લાસ્ટિક સર્જરી કેમ્પ

તા. ૧ થી ૬ ઓગસ્ટ `૨૩ ના રોજ **કોન્જીનીટલ ડિફોરમીટી પ્રોજેકટ** અન્વયે **પ્લાસ્ટિક સર્જરી કેમ્પ**નું આયોજન દાતા શ્રી જીતેન્દ્રભાઈ ભણસાલી-મુંબઈના આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં જન્મજાત ખામીવાળા જરૂરિયાતમંદ **૩૮** બાળકોની તપાસ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન) દ્વારા કરવામાં આવી હતી. તે પૈકી **૩** કપાયેલાં હોઠના, **૨** તાળવામાં કાણું, અને **૫** પોસ્ટબર્ન કોન્ટ્રેકચર એમ કુલ **૧૦** ઓપરેશન મુંબઈના ડૉ. નરેશ વાધવાએ કર્યાં હતાં. આ કેમ્પ ડૉ. નિરવ ધોળકિયા, ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક) તથા હોસ્પિટલ નર્સિંગ સ્ટાફની જહેમતથી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## Lady Egremont Pediatric Ophthalmic Centre



ત્રાંસી આંખનું ઓપરેશન બાળકની અમુક ઉંમર કે દેખાવાની દ્રષ્ટિ હોય તે દરમ્યાન જો ન કરવામાં આવે તો બાળક ધીરે-ધીરે જોવાની દ્રષ્ટિ ગુમાવે છે. ત્રાંસી આંખ ચહેરાની સુંદરતાને મારી નાખે છે. આ બધું તો ઠીક, પરંતુ જયારે નાના બાળકોને ત્રાંસી આંખ, ઢળેલી પાંપણ, બાળ મોતિયો, આંખમાં ફૂલુ વિગેરે તકલીફ હોય ત્યારે બાળકને ખૂબજ મુશ્કેલી પડતી હોય છે. આ ઉપરાંત આ ઓપરેશન



ખૂબજ ખર્ચાળ હોય છે, જે સામાન્ય માણસને પરવડે તેમ ન હોય તેઓ કરાવી શકતા નથી. આ બધી સમસ્યાનું સમાધાન પી.એન.આર. સોસાયટી તથા દાતાશ્રીઓના સાથ સહકારથી પ્રિવેન્શન પાર્ટનરશિપ પ્રોગ્રામ દ્વારા સારવાર-નિદાન અને ઓપરેશન દ્વારા થાય છે, અને તે **Lady Egremont Pediatric Ophthalmic Centre, PNR Hospital** કેમ્પ તા. ૧૮-૧૯ ઓગસ્ટના રોજ સમીર ડાયમંડ પ્રા. લિ. મુંબઈના આર્થિક સહયોગથી ઓર્ગેનાઈઝ કરવામાં આવ્યો હતો. આ કેમ્પમાં પી.એન.આર. હોસ્પિટલમાં મુંબઈના જાણીતા **Pediatric Ophthalmic Surgeon, Dr. Janak Shah (M.B.DO bom.)** અને **Dr. Preeti Shah** આવ્યાં હતાં. જેમાં જન્મજાત ખામીવાળા જરૂરિયાતમંદ **૮૯** બાળકોની તપાસ આ ડૉક્ટરશ્રીઓ દ્વારા કરવામાં આવી હતી. જે પૈકી ત્રાંસી આંખ-**૨**, ટોસિસ-**૨**, નિસ્ટેગ્મશ (ઈન્જેકશન ટ્રાયસેન્સ)-**૨**, ફંડશ એન્ડ રિફ્રેકશન-**૪** એમ કુલ **૧૦** ઓપરેશન કરવામાં આવ્યાં હતાં. આ કેમ્પને સફળ બનાવવા ડૉ. જનક શાહ, તેમજ હોસ્પિટલના સ્ટાફ તથા એનેસ્થેટિક ડૉક્ટર્સ તથા પ્રિવેન્શન વિભાગના જીજ્ઞેશભાઈ પારેખે સારી જહેમત લીધી હતી.

## ડેફનેસ બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેકટ :



ડેફનેસ બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેકટ વર્ષ ૨૦૦૨ થી ૨૦૨૧ સુધી ઈમ્પેક્ટ ફાઉન્ડેશન યુ.કે. અને દલાલ ફેમિલી ફાઉન્ડેશન યુ.એસ.એ. ના આર્થિક સહયોગથી ચાલતો હતો. ડિસેમ્બર-૨૦૨૦ દરમિયાન કોરોના પેન્ડેમિક આવતા પ્રાથમિક શાળાઓ બંધ થઈ હતી, આથી આ પ્રોજેકટ બંધ કરવામાં આવ્યો હતો. હવે સ્થિતિ નોર્મલ થતાં ૨૦૨૩-૨૪ થી ફરી આ પ્રોજેકટ યુપા ફ્રેશ પ્રાઈવેટ લિમિટેડ-મુંબઈના આર્થિક સહયોગથી શરૂ કર્યો છે, આ પ્રોજેકટમાં વર્ષ દરમિયાન એક લાખ બાળકોના આંખ અને કાનની પ્રાથમિક તપાસ કરી, રિફ્રેક્ટિવ એરરવાળા બાળકોને વિનામૂલ્યે ચશ્મા વિતરણ, તેમજ ત્રાંસી આંખ, ઢળેલી પાપણ, બાળ મોતિયો તેમજ કાનમાં ઈયર ડિસચાર્જ બાળકોને ડૉકટર દ્વારા નિદાન તેની સારવાર, સર્જરી વિનામૂલ્યે કરી આપવામાં આવશે.


જૂલાઈ અને ઓગસ્ટ`૨૩ દરમિયાન તળાજા તાલુકાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં ૨૧૧૬૪ બાળકોનું પ્રાઈમરી સ્ક્રિનિંગ કરવામાં આવ્યું, તેમાંથી આંખની વિવિધ તકલીફવાળા ૭૫૫ બાળકો મળ્યાં અને કાનની વિવિધ તકલીફવાળા ૫૪૪ બાળકો જોવા મળ્યાં હતાં.



# અંબા સી.પી. હોસ્ટેલ

## જૂલાઈ-ઓગસ્ટ - ૨૦૨૩

✍ લાલજી પંડયા



**નીચેના મહાનુભાવોએ હોસ્ટેલના બાળકોને પોતાના પરિવારના સભ્યોના જન્મદિન, મેરેજ એનિવર્સરી કે દિવંગત સ્નેહીની તિથિ નિમિત્તે ભોજન / નાસ્તો કરાવેલ**

### ભોજન / મિષ્ટાન

- તા. ૧૭ ઓગસ્ટના રોજ શ્રી મેહુલભાઈ મોરડિયા તરફથી...
- તા. ૨૦ ઓગસ્ટના રોજ શ્રી જનકભાઈ ઘોરી તરફથી...
- તા. ૨૪ ઓગસ્ટના રોજ શ્રી કમળાબેન ચાતુર્વેદી તરફથી...
- તા. ૨૯ ઓગસ્ટના રોજ શ્રી મહેન્દ્રભાઈ સિંધી તરફથી...
- તા. ૧૨ સપ્ટેમ્બરના રોજ શ્રી કરમશીભાઈ પટેલ તરફથી...

### નાસ્તો

- તા. ૧૧ સપ્ટેમ્બરના રોજ શ્રી હરેશભાઈ મકવાણા તરફથી...
- તા. ૧૩ સપ્ટેમ્બરના રોજ શ્રી પ્રતિકભાઈ જાની તરફથી...



# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)



✍ ગજાનંદ ભટ્ટ

## શિક્ષક દિન

આ વર્ષે તા. ૩ સપ્ટે. થી તા. ૮ સપ્ટે.'૨૩ સાતમ-આઠમના અનુસંધાને શાળામાં રજા હતી. બાળકોને શિક્ષક દિન ઉજવવાનો ખૂબ ઉમળકો હતો, માટે અગાઉ તા. ૧ સપ્ટેમ્બરે **શિક્ષક દિન** ઉજવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ધો. ૮ ના અ,બ,ક ના વિદ્યાર્થીઓએ શિક્ષક દિનની ઉજવણી માટે ભાગ લીધો. જેમાં બાળવર્ગ ૧ થી ૭ ના વર્ગો, તેમજ આચાર્ય, ક્રાફટ, સિવણ, ચિત્ર, કોમ્પ્યુટર, પટ્ટાવાળા જેવા અન્ય કાર્યો પણ વિદ્યાર્થીઓએ સંભાળી લીધા હતાં.

આ વર્ષે ધો. ૮ ના બાળકો દ્વારા શિક્ષક દિનની ખૂબ સરસ ઉજવણી કરવામાં આવી. પ્રાર્થના કાર્યક્રમથી લઈ છેલ્લે સુધી શિસ્તતા અને ચોક્કસાઈ જળવાયેલી જોવા મળી હતી. છાત્રાલયના ગૃહમાતા સ્નેહાબેને બાળકોને સમોસા અને ચા નો નાસ્તો કરાવ્યો હતો. ૪:૪૫ વાગે બધા ઓડિટોરિયમમાં ઉજવણીના હેતુથી ભેગા થયા, બધા બાળકોએ પોતાનો અનુભવ જણાવ્યો.

આમ, શિક્ષક દિનની ઉજવણીનો કાર્યક્રમ પ્રિન્સિપાલ શ્રી હર્ષાબેન અને શ્રી ફાલ્ગુનીબેનના સહયોગથી અને પ્રોજેકટના મંત્રી શ્રી ચંદ્રિકાબેન અને શ્રી મનિષાબેનના આયોજનથી ખૂબ સફળ બન્યો હતો. બાળકોને શુભેચ્છા ભેટ (પેન) આપી કાર્યક્રમ સંપન્ન કર્યો.

## પ્રવાસ

શાળાના પ્રાથમિક વિભાગના ધો. ૬ થી ૮ ના બાળકો **વિકટોરિયા પાર્ક**ની મુલાકાતે ગયા હતાં. જયાં વનવિહાર દરમિયાન બાળકોએ જુદા-જુદા વૃક્ષોની જાતો અને જુદા-જુદા જીવજંતુઓની ૪૦૦ કરતા વધારે પ્રજાતિઓ વિશે માહિતી મેળવી. તેમજ વન્ય પશુ-પંખી તેમના ખોરાક તેમજ તેમના મળમાંથી વિવિધ વનસ્પતિની ઉત્પતિ વિશેની રોચક માહિતી મેળવેલ. આ ઉપરાંત ઘાસના વિવિધ ઉપયોગો વિશે જાણકારી અને જુદા-જુદા રોગોમાં તેના ઉપયોગ વિશેની સમજ મેળવેલ. તેમજ ઉભયજીવી પ્રાણીઓની



બાસ્કિંગ વિશે રસપ્રદ માહિતી મેળવી હતી.

વન્યજ્ઞાનની આ અલૌકિક માહિતી સાથે શરીરની ક્ષુધા સંતોષવા માટે થેપલા, સૂકીભાજી, મોહનથાળ તેમજ છાશની વ્યવસ્થા કરવામાં આવી. જેની મોજ બાળકોએ મન ભરીને માણી. અંતમાં વન પરિચય ખંડમાં બાળકોએ પર્યાવરણ વિશેની, તેમજ વન્ય જીવો વિશેની ફિલ્મ નિહાળી અને વન વિભાગની વિવિધ કામગીરીનો પરિચય મેળવ્યો.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન વન્ય જીવો અને પર્યાવરણ વિશે શ્રી જયેશભાઈ વાઘેલાએ સરસ જાણકારી આપેલ. તેમજ બાળકોએ પૂછેલ વિવિધ પ્રશ્નોના સંતોષકારક જવાબ આપીને પોતે સંતુષ્ટ થયા હતાં. તેઓએ આપેલી આ ઉમદા માહિતી બદલ પ્રાથમિક શાળાના આચાર્યશ્રી અને પ્રવાસ મંત્રીએ તેઓનો હાર્દિક આભાર વ્યકત કર્યો હતો.

## "ખેલો કૂદો, સ્વસ્થ રહો"

"ખેલને કૂદને કા લો સંકલ્પ, સ્વસ્થ રહનેકા હે વહી મંત્ર" આ ઉક્તિને સાર્થક કરતા રોટરેકટ કલબ ભાવનગર રોયલમાંથી હિતાર્થભાઈ તથા તેમની ટીમ અત્યારે મોબાઈલ કે ટીવીમાં સમય ન પસાર કરતા, તેમણે અમારી સંસ્થા ખાતે બાળ વર્ગથી ધો. ૫ સુધીના તમામ બાળકો સાથે શાળાના મહાવીર ઓડિટોરિયમ ખાતે રક્ષાબંધન તહેવારની ઉજવણી નિમિત્તે તા. ૨૯-૮ ના દિવસે અમારા દિવ્યાંગ બાળકોને જુદી-જુદી રમતો રમાડી અને ડાન્સ કરાવી ખૂબ જ આનંદ કરાવ્યો હતો, તેઓના ઉમદા વિચાર સાથે, તેમની ટીમના ભાઈઓને શાળાની દીકરીઓ પાસે રાખડી બંધાવી, અને તેમના બહેનોએ અમારી શાળાના દીકરાઓને રાખડી બાંધી રક્ષાબંધનના તહેવારની ખૂબ જ સરસ ઉજવણી કરવામાં આવી હતી. બાળકોના અભ્યાસને પણ તેઓ ભૂલ્યાં ન હતાં. બાળકોને અભ્યાસમાં ઉપયોગી પેન્સિલ, રબર, સંચો, નોટબુક અને કલર પેટીની ભેટ આપી, બાળકોની પ્રોત્સાહિત કર્યાં હતાં. આ બધી પ્રવૃત્તિઓ દ્વારા હિતાર્થભાઈ અને તેમની ટીમ તથા બાળકો સર્વેએ પરસ્પર ખુશી મેળવી હતી.

શ્રી મુકતાબહેને મહેમાનોનો શાબ્દિક પરિચય આપ્યો હતો અને બાળકો દ્વારા બનાવેલ મેમેન્ટો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું, અંતમાં શ્રી અશોકભાઈએ મહેમાનોનું શાબ્દિક આભાર વ્યકત કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળાના મંત્રીશ્રી તથા આચાર્યશ્રીએ માર્ગદર્શન આપ્યું હતું.



# શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા



જ્યોતિ ભટ્ટી

## વિશ્વ સિંહ દિવસ



શાળામાં તા. ૧૦-૮ ના રોજ દર વર્ષની જેમ **વિશ્વ સિંહ દિવસ**ની ઉજવણી કરવામાં આવી. એશિયાઈ સિંહો ગુજરાત અને ગીરનું ગૌરવ છે. આ સિંહોના સંરક્ષણ અને સંવર્ધન માટે ગુજરાત સરકાર દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે. જેના ભાગરૂપે લોકજાગૃતિ માટે શાળામાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. શ્રવણમંદ વિદ્યાર્થીઓને સિંહ પ્રત્યે લાગણી ઉદ્દભવે, તેમજ તેના સંરક્ષણ અને સંવર્ધન અંગે જાગૃતિ કેળવે, તે હેતુસર શાળામાં દરેક વિદ્યાર્થીઓને સિંહના મહોરા પહેરાવી રેલી યોજવામાં આવી હતી. ત્યારબાદ શાળાના ઓડિટોરિયમ ખાતે વન અને પર્યાવરણ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ, ગીરનો સુંદર વિડીયો બતાવવામાં આવેલ, તેમાંથી સિંહ વિશે વિવિધ માહિતી પ્રાપ્ત કરેલ. શાળાના આચાર્યશ્રી શૈલેષભાઈ દવેએ સિંહ વિશે માહિતી આપેલ, તેમજ સિંહના સંરક્ષણ અને સંવર્ધનમાં સહકાર આપવા માટે દરેક વિદ્યાર્થીઓને શપથ લેવડાવ્યાં હતાં.

## શૈક્ષણિક પ્રવાસ
## રિજીયોનલ સાયન્સ સેન્ટર તેમજ ખોડિયાર મંદિર



તા. ૧૨-૮ ના રોજ રીજીયોનલ સાયન્સ સેન્ટર, ભાવનગર, તેમજ શ્રી ખોડિયાર મંદિર ખાતે બાળવર્ગથી ધો. ૧૨ ના તમામ શ્રવણમંદ વિદ્યાર્થીઓ, શાળાના પ્રિન્સિપાલ, શૈક્ષણિક સ્ટાફ, હોસ્ટેલ સ્ટાફ વગેરે ૩ બસ દ્વારા પ્રવાસમાં ગયેલ. પ્રથમ ખોડિયાર મંદિર દર્શન કરવા ગયેલ. માતાજીના આશિર્વાદ લઈ સહુએ લાપસીનો પ્રસાદ તેમજ ભોજન લીધેલ. ત્યાંથી નીકળી બસ મારફતે રીજીયોનલ સાયન્સ સેન્ટર જોવા ગયેલ. જયાં નાના-મોટા સહુ વિદ્યાર્થીઓએ વિવિધ જ્ઞાન પ્રાપ્ત કરેલ. જેમાં ઓટોમોબાઈલ ગેલેરી, નોબેલ પ્રાઈઝ ગેલેરી, ઈલેક્ટ્રોમિકેનિક્સ ગેલેરી, મરીન ગેલેરી વગેરે જોયું. પ્રાથમિક તેમજ માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ રસપૂર્વક પ્રયત્નથી, અનુભવ સાથે ખૂબજ નવીનતમ માહિતી પ્રાપ્ત કરી. તેમજ વર્ચ્યુઅલ રિયાલિટીમાં વિદ્યાર્થીઓએ ખૂબજ મજા માણી. દરેકે નાસ્તો કર્યો. અને બસમાં બેસી આનંદ કરતા કરતા સહુ શાળાએ પરત ફર્યા. પ્રવાસના દાતા શ્રી પૂનમબેન, શ્રી નિશિથભાઈ મહેતા, શ્રી નિકેતભાઈ શાહ, શ્રી અરવિંદભાઈ ધંધુકિયાના સહયોગથી આ શૈક્ષણિક પ્રવાસનો લાભ વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કર્યો હતો. સંસ્થાના હોદ્દેદારોએ તેઓના સન્માન સાથે આભાર વ્યકત કરેલ. પ્રાથમિક વિભાગના આચાર્ય શ્રી હર્ષાબેન, શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયા, માધ્યમિક વિભાગના આચાર્ય શ્રી શૈલેષભાઈ વગેરેના આયોજન, તેમજ સમગ્ર સ્ટાફના સહકારથી પ્રવાસ સફળતાપૂર્વક સંપન્ન થયેલ.

## શિવ-પૂજા



માધ્યમિક શાળામાં પવિત્ર શ્રાવણમાસ દરમ્યાન ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારના જતન સ્વરૂપે તા. ૨૪ અને તા. ૨૫-૮ દરમ્યાન પાર્થિવ શિવલિંગનું નિર્માણ શાળાની શ્રવણમંદ વિદ્યાર્થીનીઓ દ્વારા શિક્ષિકાઓના માર્ગદર્શનથી કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ સુંદર શિવલિંગ તેમજ શ્રી ગણેશજીની મૂર્તિ બનાવી,



તેમજ વાજતે-ગાજતે મંત્રોચ્ચાર સાથે સ્થાપન કરી, ચંદન, પૂષ્પ, બિલ્વપત્ર વગેરેથી અહ્‌લાદક શણગાર કર્યું હતું. શાળાના બાળવર્ગથી ધો. ૧૨ સુધીના ૪૦૦ થી વધુ શ્રવણમંદ વિદ્યાર્થીઓ સાથે દરેક શિક્ષકોએ શિવ-પૂજા કરી પ્રસાદ લીધેલ. સમાજ સુરક્ષા ખાતાના અધિકારી શ્રી ભગીરથસિંહ ચુડાસમા, સંસ્થાના માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, ખજાનચી શ્રી જીતુભાઈ શાહ, હોસ્ટેલ સ્ટાફ, ઓફિસ સ્ટાફ તેમજ તમામ શૈક્ષણિક, બિન શૈક્ષણિક સ્ટાફ દર્શન કરવા પધારેલ. પવિત્ર તેમજ ભક્તિમય વાતાવરણ વચ્ચે સહુએ આયોજનને બીરદાવ્યું હતું. ૪:૩૦ વાગે ધૂન-ભજન સાથે સહુએ આરતી કરી અને આચાર્યશ્રી, શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા બોરતળાવમાં વિસર્જન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન તેમજ વ્યવસ્થા આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે દ્વારા કરવામાં આવી હતી. તેમજ સમગ્ર સ્ટાફ પરિવારના સહકારથી ખૂબ જ ખુશી સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

## રક્ષાબંધન



શાળામાં તા. ૨૮ ઓગસ્ટ`૨૩ ના રોજ **રક્ષાબંધન**નો કાર્યક્રમ શ્રી નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલયની બહેનો સાથે ઉજવવામાં આવ્યો હતો. શ્રી નંદકુંવરબા શાળાની લગભગ ૫૦ વિદ્યાર્થીનીઓ, તેમજ તેઓના શિક્ષિકા શ્રી કિંજલબેન, સર્વેનું સ્વાગત બાદ મેમેન્ટોથી સન્માન કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક ઉદબોધન બાદ, રક્ષાબંધનનો કાર્યક્રમ ખૂબ જ પવિત્ર વાતાવરણમાં પ્રેમ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો. દરેક બહેનોએ શ્રવણમંદ ભાઈઓને સુંદર રાખડીઓ બાંધેલ અને શુભ આશિષ આપેલ, સાથે ભાઈઓ દ્વારા બહેનોને ભેટ આપી શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ હતી. આ સાથે સમધારણ સમાજમાં સમ્મિલિત થવાનો અનેરો અવસર પ્રાપ્ત થયો હતો. કાર્યક્રમની વ્યવસ્થા, માર્ગદર્શન આચાર્યશ્રી શૈલેષભાઈ દવે દ્વારા કરવામાં આવી હતી તેમજ ઉદ્ઘોષક તરીકે કામગીરી શિક્ષિકા શ્રી જયોતિબેન ભટ્ટી દ્વારા કરવામાં આવી હતી.

## પોલીસ કર્મચારીઓ સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી



શાળાની ૩૫ શ્રવણમંદ વિદ્યાર્થીનીઓએ A ડિવિઝન પોલીસ સ્ટેશન, નિલમબાગ ખાતે સમાજના રક્ષક, પોલિસ કર્મચારીઓને રક્ષા બાંધવા માટે ગયા હતા. તા. ૨૯-૮ ના રોજ શાળાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, આચાર્યશ્રી શૈલેષભાઈ દવે તથા શિક્ષકો દ્વારા પોલીસ કર્મચારીઓને રાખડી બાંધવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

શ્રી પી.ડી. પરમાર સાહેબ (પી.આઈ.) ના હસ્તે દીપ પ્રાગટય બાદ, સંસ્થાના મંત્રીશ્રી દ્વારા સાહેબશ્રીનું મેમેન્ટો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. સાથે મંત્રીશ્રીએ જણાવ્યું કે "આપણા સમાજના રક્ષક કે જેઓને લીધે આપણે શાંતિથી જીવી શકીએ છીએ, તેઓની રક્ષા આપણે કરવી એ હેતુથી રક્ષાબંધન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો."

વિદ્યાર્થીનીઓએ જાતે બનાવેલ રાખડીઓ, પોલીસ કર્મચારીઓને કુમકુમ તિલક કરી, ખૂબ પ્રેમ પૂર્વક અને ઉત્સાહથી બાંધી, મોં મીઠું કરાવેલ અને ભગવાન તેઓને આપણી રક્ષા કરવાનું બળ આપે, દીર્ઘાયુ સારું આરોગ્ય આપે, તેવી શુભેચ્છાઓ પાઠવેલ. કાર્યક્રમની ઉદ્ઘોષણા શ્રી રીટાબહેન ત્રિવેદી દ્વારા કરવામાં આવી, તેમજ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સાઈન દ્વારા શ્રી વિરેન્દ્રભાઈ ગોહિલે સમજ આપેલ હતી.

## રક્ષાબંધન પર્વ અંતર્ગત વિવિધ કાર્યક્રમ

ભાઈ-બહેનના અતૂટ પ્રેમનું પર્વ **રક્ષાબંધન**, જેની ઉજવણી માટે માધ્યમિક શાળામાં વિવિધ કાર્યક્રમનું આયોજન, શાળાના

આચાર્યશ્રી શૈલેષભાઈ દવે દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં રાખડી બનાવવી, તેમજ શાળાની બહેનો દ્વારા ભાઈઓને બાંધવામાં આવી હતી.

તા. ૧૯-૮ ના રોજ ધો. ૧ થી ૧૨ ની શ્રવણમંદ વિદ્યાર્થીનીઓને, શાળાના શિક્ષિકા બહેનો દ્વારા મટિરીયલ આપવામાં આવેલ. તેમજ તેઓના માર્ગદર્શનથી વિદ્યાર્થીનીઓએ લગભગ ૩૦૦ જેટલી ખૂબ સુંદર, વિવિધ ડિઝાઈનવાળી, કલાત્મક રાખડી બનાવેલ. આ અનુભવ વિદ્યાર્થીનીઓને ભવિષ્યમાં પણ ખૂબજ ઉપયોગી બની રહેશે.

તા. ૨૯-૮ ના રોજ શાળાના જ શ્રવણમંદ ભાઈઓને, બહેનો દ્વારા રાખડી બાંધવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલયના આચાર્યશ્રી રાજેશ્વરીબા ગોહિલ, તે જ શાળાના શિક્ષિકા શ્રી કલ્યાણીબેન તથા શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળાના ભૂતપૂર્વ શિક્ષિકા, આચાર્યશ્રી પ્રજ્ઞાબેન ત્રિવેદીની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. મહેમાનશ્રીઓનું સ્વાગત તેમજ મેમેન્ટો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના હોદ્દેદારો શ્રી અમિતભાઈ શાહ, શ્રી જીતુભાઈ શાહ, શ્રી મીતાબેન વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. ખૂબ જ પ્રેમપૂર્વક બહેનોએ રાખડી બાંધી, તેમજ ભાઈઓએ શુભેચ્છા પાઠવેલ અને ભેટ આપેલ. કાર્યક્રમમાં ઉદઘોષક તરીકે કામગીરી શ્રી રીટાબેન ત્રિવેદી દ્વારા તથા શાળાના આચાર્યશ્રી શૈલેષભાઈ દવેએ આભાર વિધિ કરી હતી.

## શિક્ષક દિન



શાળામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ **શિક્ષક દિન**ની ઉજવણી કરવામાં આવી હતી. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મદિવસ નિમિત્તે શાળાના શ્રવણમંદ વિદ્યાર્થીઓ દ્વારા સ્વયં શિક્ષક દિનનો શાનદાર કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. શાળાના માધ્યમિક વિભાગના ધો. ૧૦ ના કુલ ૧૨ વિદ્યાર્થીઓ, તેમજ ઉચ્ચતર માધ્યમિક વિભાગના ધો. ૧૨ ના કુલ ૧૦ વિદ્યાર્થીઓએ આચાર્ય, વિષય શિક્ષક, કલાર્ક, રમત શિક્ષક, કોમ્પ્યુટર શિક્ષક, ચિત્ર શિક્ષક, પટ્ટાવાળા તરીકે પોત પોતાનું કાર્ય ખૂબ જ કર્મનિષ્ઠ બનીને, શિસ્તપૂર્વક ઉત્સાહથી કરાવેલ. પ્રાર્થનાના આયોજન દરમ્યાન વિવિધ જ્ઞાનસભર પ્રવૃત્તિ, પોતાના વિષયનું સ્પષ્ટ વર્ગ કાર્ય, આચાર્ય દ્વારા સમગ્ર નિરીક્ષણ, માર્ગદર્શન તેમજ અન્ય સ્ટાફ દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી કરી, ડૉ. રાધાકૃષ્ણનના જીવન મૂલ્યો પોતાના વ્યક્તિત્વમાં ઉતારેલ.

અંતમાં શાળાના ઓડિટોરિયમ ખાતે સહુ ભેગા થયેલ અને આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જીવન વિશે સંક્ષિપ્તમાં જણાવેલ તથા શિક્ષક બનેલ દરેક વિદ્યાર્થીઓની પ્રસંશનીય કામગીરી બદલ સહુને અભિનંદન આપેલ. વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવ રજૂ કરેલ. દરેકને સર્ટિફીકેટ તથા પેન ભેટ આપવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા શાળાના શિક્ષિકા શ્રી જયોતિબેન બારૈયા તથા શ્રી રીટાબેન ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું.

## વાલી મિટીંગ અને વિવિધ પ્રતિભા સન્માન કાર્યક્રમ

શાળામાં તા. ૨-૯ ના રોજ ધો. ૯થી ૧૨ ના વિદ્યાર્થીઓના વાલીઓની મિટીંગ સાથે વિવિધ **પ્રતિભા સન્માન**નો કાર્યક્રમ યોજાયેલ. જે અંતર્ગત શ્રી જયંત શાહ એવોર્ડ જે ધો. ૧૦ ના માધ્યમિક શિક્ષણ બોર્ડમાં પ્રથમ આવેલ કન્યા તેમજ કુમારને એનાયત કરવામાં આવે છે. ૧. સોજીત્રા હિમાંશુ તેમજ ૨. ગોદવાણી સોનાલીને આપવામાં આવેલ, સાથે શિલ્ડ, સર્ટિફીકેટ તથા રૂા. ૧૫૦૦/- રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. શ્રીમતી તૃપ્તિબેન યુ. પેમાસ્ટર એવોર્ડ ધો. ૧૨ માં ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં પ્રથમ આવેલ કન્યા તેમજ કુમારને આપવામાં આવેલ હતો. જેમાં ૧. ધંધુકિયા બંસરી તેમજ ૨. વાટિયા ધ્રુવલને એનાયત કરવામાં આવ્યો હતો. સાથે શિલ્ડ, સર્ટિફીકેટ તથા રૂા. ૧૫૦૦/- નો રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

સંસ્થા તરફથી ધો. ૯ થી ૧૨ ના ૩-૩ વર્ગોના પ્રથમ આવનાર ૧૨ તેજસ્વી તારલાઓને સર્ટિફીકેટ તથા ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. ઉપરાંત પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ ૧. બાવળિયા જતિન, ૨. ઢાપા કાજલને વર્ષ દરમ્યાન અભ્યાસક પ્રવૃત્તિઓમાં, તેમજ શિસ્તમાં મોખરે રહેનારા વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી સર્ટિફીકેટ તથા ટ્રોફી આપવામાં આવી હતી. સાથે શિક્ષક દિને શિક્ષક બનેલ વિદ્યાર્થીઓને સર્ટિફીકેટ, તેમજ પેન આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

આમંત્રિત મહેમાન ડૉ. શ્રીમતી છાયાબેન પારેખ કે જેઓ શિક્ષણવિદ્ અને મોટિવેશનલ સ્પીકર છે. તેઓએ શ્રવણમંદ વિદ્યાર્થીઓના શિક્ષણ, તેમજ જીવન ઘડતરમાં વાલીઓનો ફાળો કેટલો ?, કેવો હોવો જોઈએ ? તે અંગે વાલીઓને સરસ પ્રેરણાત્મક વકતવ્ય આપ્યું હતું. તેઓશ્રીએ જણાવ્યું કે "આપનું બાળક

દિવ્યાંગ છે તે માટે ભગવાનને ફરિયાદ ન કરો, પણ તેમણે દિવ્યાંગ બાળકના વાલી તરીકે તમારામાં મૂકેલો વિશ્વાસનો સ્વિકાર કરો. બાળકોની પરવરિશના પાંચ 'પ' પ્રેમ, પ્રશંસા, પ્રોત્સાહન, પુરુષાર્થ અને પ્રેરણા હંમેશા યાદ રાખો.'' શ્રીમતી છાયાબહેને વિશિષ્ટ બાળકોની સિધ્ધિઓના ઉદાહરણ આપેલ જેમ કે હેલન કેલર, થોમસ આલ્વા એડિસન વગેરે. તેઓશ્રીએ ખૂબજ રસપ્રદ પ્રવચન આપ્યું હતું.

કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટી શ્રી આનંદભાઈ શાહ, શ્રી રાજેશભાઈ હકાણી વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું આયોજન તેમજ માર્ગદર્શન શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના ઉદ્દઘોષણા શ્રી વિશ્વાબેન ભટ્ટ દ્વારા કરવામાં આવી હતી. શાળાના સમગ્ર સ્ટાફની જહેમતથી કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયેલ.

### સંસ્થા મુલાકાત

સંસ્થા સંચાલિત શ્રી મહાલક્ષ્મીબેન જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક શાળાના મુખ્ય દાતા શ્રી જીતુભાઈ જે. મહેતા અને શ્રીમતી જયોતિબેન(મુંબઈ) તથા તેમના પરિવારજનો



તા. ૬-૯ ના રોજ સંસ્થાની શુભેચ્છા મુલાકાતે પધાર્યા હતાં. સંસ્થાની શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કોલેજ આયોજિત જન્માષ્ટમી પર્વ ઉજવણીમાં તેઓ જોડાયા હતા. પૂજનવિધિ કરી તેમજ મટકી ફોડમાં પણ જોડાયા હતા. મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, ઓ.એસ. શ્રી સૂર્યકાંતભાઈ, ચીફ એકાઉન્ટન્ટ શ્રી હિતેશાબેન, કો-ઓર્ડિનેટર શ્રી સંતોષભાઈએ તેઓને આવકારેલ અને સંસ્થા મુલાકાત કરાવી, માહિતી આપી. સૌ મહેમાનો સંસ્થાની કામગીરીથી પ્રભાવિત થયાં હતાં.



## શ્રી શાહ ખી.લ. બહેરાં મૂંગા શાળા

## મહેતા છાત્રાલય



✍ સ્નેહાબેન જોષી

તા. ૨૨-૬-'૨૩ ના રોજ શાળાના ઓડિટોરિયમમાં બધાજ બાળકોની વચ્ચે પ્રાર્થનામાં સંસ્થાના માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાનો જન્મદિવસ ખરેખર તા. ૧-૬-'૨૩ ના રોજ હોય, પરંતુ બાળકો ન હોવાથી વેકેશન ખૂલતા બાળકોની વચ્ચે સરપ્રાઈઝ ઉજવણી કરેલ. બધાજ બાળકો તથા સ્ટાફને તથા દરેક વિભાગના કર્મચારીઓને માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા તરફથી આઈસ્ક્રીમ આપી, બધાને મોં મીઠું કરાવેલ. બાળકોએ અલગ-અલગ કાર્ડ બનાવી પોતાની લાગણી વ્યકત કરેલ. તેમજ શિક્ષક શ્રી કીર્તિદેવભાઈએ જન્મદિવસનું ગીત ગાયું હતું. તેમજ બધા સ્ટાફ તથા શિક્ષકોએ શુભેચ્છાઓ પાઠવી હતી.

તા. ૧૨ ઓગસ્ટ'૨૩ ના રોજ શ્રી સંતોષભાઈ કામદારના જન્મદિવસ નિમિતે બાળકોને મીઠાઈ, ફરસાણનું ભોજન કરાવેલ. બાળક દ્વારા બનાવેલ કાર્ડ તથા પૂષ્પગુચ્છથી શ્રી સંતોષભાઈને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવેલ.

તા. ૧૩ ઓગસ્ટ'૨૩ ના રોજ શ્રી શૈલેષભાઈ વી. હુંબલ, ભાવ. શહેરમંત્રીશ્રીના જન્મદિવસ હોવાથી તેઓ પોતેજ કેક લઈને આવેલ અને છાત્રાલયમાં જ બાળકો વચ્ચે કેક કાપી પોતાના જન્મદિવસની ઉજવણી કરેલ. અને બધાજ બાળકોને ચોકલેટ અને કેક ખવડાવી મોં મીઠું કરાવેલ. બાળકોએ પણ પોતાની કાલી-ઘેલી સાઈન લેંગ્વેજમાં ઈશારા સાથે જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી.

શ્રી કીર્તિભાઈ શાહ હસ્તે અવાર-નવાર બાળકોને મનગમતું ભોજન કરાવવામાં આવ્યું હતું.

તા. ૧૮ ઓગસ્ટ'૨૩ ના રોજ સ્વ. શ્રી મેઘનાબેન હાર્દિકભાઈ મહેતાના સ્મરણાર્થે હસ્તે શ્રી બુધાભાઈ પટેલે છાત્રાલયના બધા જ બાળકોને તથા દરેક વિભાગોના સ્ટાફને પણ મીઠાઈ ફરસાણનું ભોજન કરાવ્યું હતું. બાળકોએ શાંતિ પ્રાર્થના કરેલ.

તા. ૩૦ ઓગસ્ટ'૨૩ ના રોજ રક્ષાબંધન પર્વ નિમિત્તે છાત્રાલયની બહેનોએ ભાઈઓને રાખડી બાંધી શુભેચ્છાઓ પાઠવેલ. અને મોં મીઠું કરાવેલ ભાઈઓએ પણ બહેનોને ચોકલેટ વગેરે ભેટ આપી. શ્રી બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલયના બહેનોએ છાત્રાલયના બાળકોને રાખડી બાંધેલ અને પરમાત્મા વિશે વાતચીત કરી બાળકોને સમજાવેલ.

તા. ૨૫ ઓગસ્ટ'૨૩ ના રોજ સ્વ. શ્રી વિનુભાઈ મોદીના સ્મરણાર્થે

સંસ્થાના માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાના હસ્તે બાળકોને પૂછીને તેનુ ફેવરીટ મેનુ ઢોસા, મન્ચુરીયન વગેરે ભોજન કરાવ્યું હતું. બાળકોએ પણ શાંતિ પ્રાર્થના કરેલ.

તા. ૧૧ સપ્ટે.'૨૩ ના રોજ શ્રી જીતુભાઈ વાઘાણીના જન્મદિવસે બાળકોને મીઠાઈ, ફરસાણ સાથે ભોજન કરાવ્યું હતું. બાળકોએ પણ ખૂબ જ સરસ બર્થ ડે કાર્ડ બનાવેલ અને જીતુભાઈને જન્મદિવસની શુભકામના પાઠવેલ. તેમજ બોળતળાવ થાપનાથ મહાદેવીની સંધ્યા આરતી શ્રી જીતુભાઈએ છાત્રાલયની દીકરીઓ સાથે ઉતારેલ અને છાત્રાલયની દીકરીઓને જીતુભાઈએ પોતાના હાથથી પીરસી ભોજન કરાવ્યું હતું.

તા. ૨૧ જૂનના રોજ સાંજે શ્રી હનીફભાઈ કુરેશી છાત્રાલયમાં આવેલ અને બધા જ બાળકોને ટી.બી. અંગેની સંપૂર્ણ પ્રાથમિક માહિતી આપેલ અને આ રોગ ન થાય તેની સાવચેતી રાખવી અને તેની કાળજી કેવી રીતે લઈ શકાય ? ત્યાંથી માંડી, જો કોઈને ટીબી થયો હોય તો તેની સારવાર સુધીની સંપૂર્ણ માહિતી આપી, બાળકોને જાગૃત કરેલ.



# શ્રીમતી ચંદાબહેન મોહનભાઈ પટેલ
## છાત્રાલય



તા. ૨૨-૬-'૨૩ ના રોજ શાળાના ઓડિટોરિયમમાં બધાજ બાળકોની વચ્ચે પ્રાર્થનામાં સંસ્થાના માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાના જન્મદિવસ ખરેખર તા. ૧-૬-'૨૩ ના રોજ હોય, પરંતુ બાળકો ન હોવાથી વેકેશન ખુલતા બાળકોની વચ્ચે સરપ્રાઈઝ ઉજવણી કરેલ. બધાજ બાળકો તથા સ્ટાફને તથા દરેક વિભાગના કર્મચારીઓને માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા તરફથી આઈસ્ક્રીમ આપી બધાને મોં મીઠું કરાવેલ. બાળકોએ અલગ-અલગ કાર્ડ બનાવી પોતાની લાગણી વ્યકત કરેલ તેમજ શિક્ષક શ્રી કીર્તિદેવભાઈએ જન્મદિવસનું ગીત ગાયેલ. તેમજ બધા સ્ટાફ તથા શિક્ષકોએ શુભેચ્છાઓ પાઠવી હતી.

તા. ૧૨ ઓગસ્ટ'૨૩ ના રોજ શ્રી સંતોષભાઈ કામદારના જન્મદિવસ નિમિતે બાળકોને મીઠાઈ, ફરસાણનું ભોજન કરાવેલ. બાળક દ્વારા બનાવેલ કાર્ડ તથા પૂષ્પગુચ્છથી શ્રી સંતોષભાઈને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવેલ. શ્રી કીર્તિભાઈ શાહ હસ્તે અવાર-નવાર બાળકોને મનગમતુ ભોજન કરાવવામાં આવ્યું હતું.

તા. ૧૮ ઓગસ્ટ'૨૩ ના રોજ સ્વ. શ્રી મેઘનાબેન હાર્દિકભાઈ મહેતાના સ્મરણાર્થે હસ્તે શ્રી બુધાભાઈ પટેલે છાત્રાલયના બધા જ દીકરાઓને મીઠાઈ ફરસાણનું ભોજન કરાવ્યું હતું.બધા જ દીકરાઓએ શાંતિ પ્રાર્થના કરી હતી.

તા. ૨૫ ઓગસ્ટ'૨૩ ના રોજ સ્વ. શ્રી વિનુભાઈ મોદીના સ્મરણાર્થે સંસ્થાના માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાના હસ્તે બાળકોને અતિપ્રિય એવું ભોજન કરાવ્યું હતું. બાળકોએ પણ શાંતિ પ્રાર્થના કરી હતી.


તા. ૧૧ સપ્ટે.'૨૩ ના રોજ શ્રી જીતુભાઈ વાઘાણીના જન્મદિવસે છાત્રાલયના બધા જ દિકરાઓને મીઠાઈ, ફરસાણનું ભોજન કરાવ્યું હતું.



# શ્રીમતી પ્રભાકુંવરબહેન રતિલાલ વાઘર
## કૃત્રિમ સાધન સહાય વર્કશોપ

વિપુલ જેઠવા






ઓગસ્ટ માસમાં સ્થાનિક કક્ષાએ કુલ ૧૫૭ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ, જેમાં લાભાર્થીઓને આશરે ૨૧૦ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, અડધો હાથ-૧, આખા પગ-૨, અડધા પગ-૫, ઓર્થોશૂઝ-૨,ની-બ્રેસ-૯૭, હેન્ડ સ્પિલન્ટ-૩, નાઈટ સ્પીલન્ટ-૨, સ્પાઈનલ ઓર્થોસિસ-૬, અન્ય-૫૨, કેલિપર-૩, એ.એફ.ઓ.-૧૩, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૨૩ એમ કુલ ૨૧૦ સાધનો પૂરાં પાડવામાં આવેલ.



## શ્રી શાહ કે. એલ. ઈન્સ્ટિટયૂટ ફોર ધ ડેફ - ટ્રસ્ટ સંચાલિત
## શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ
## (હિયરિંગ ઈમ્પાયર્ડ)

✍ ડો. સંતોષ યાદવ



### કવિશ્રી ઉમાશંકર જોશીની જન્મ જયંતિ

કોલેજમાં બી.એડ. અને ડી.એડ. એફએ. એજયુકેશનલ (એચ.આઈ.) ના તાલીમાર્થીઓ અને સ્ટાફ દ્વારા **કવિશ્રી ઉમાશંકર જોશીના જન્મ દિવસની ઉજવણી** કરવામાં આવેલ. જેમાં બી.એડ. ૨૦૨૩-૨૫ બેન્ચના તાલીમાર્થીઓ ગળથિયા પારૂલ અને ભેડા રીંકલ દ્વારા કાવ્ય પઠન કરવામાં આવેલ. અને દેવાંગ જોશીએ ઉમાશંકર જોશી વિશે વકતવ્ય આપેલ અને અન્ય તાલીમાર્થીઓએ પણ ઉમાશંકર જોશીના કાવ્યો અને કૃતિઓ વિશે સમજૂતી આપી હતી.

### પ્રવેશ પ્રક્રિયા



બી.એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ) માં તા. ૨૭-૭ થી તા. ૩-૮ દરમ્યાન ભાવનગર યુનિવર્સિટી દ્વારા ઓનલાઈન પ્રવેશ કામગીરી શરૂ થયેલ. તેમાં આપણી ટ્રેનિંગ કોલેજમાં કુલ ૨૮ તાલીમાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો.

ડી.એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ.) માં આર.સી.આઈ. દ્વારા ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા તા. ૫-૬ થી તા. ૩૧-૭ દરમ્યાન યોજવામાં આવેલ. તેમાં આપણી ટ્રેનિંગ કોલેજમાં કુલ ૩૫ તાલીમાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો.

### સ્વાગત સમારંભ

તા. ૯-૮ ના રોજ ડી.એડ. સ્પે. એજ્યુ. અને બી.એડ. સ્પે. એજયુ. વર્ષ ૨૦૨૩-૨૫ ની બેન્ચમાં નવા પ્રવેશ પામેલ તાલીમાર્થીઓ માટે **સ્વાગત સમારંભ** યોજવામાં આવ્યો. જેમાં જૂના તાલીમાર્થીઓએ નવા તાલીમાર્થીઓને આવકાર આપ્યો. જેની અધ્યક્ષતા ટીટીસીના ચેરમેન શ્રી ડી.જે. ધંધુકિયા દ્વારા કરવામાં આવી હતી.

### રિસોર્સ પર્સન

હ્યુમન રિસર્ચ ડેવલોપમેન્ટ સેન્ટર રાણી દુર્ગાવતી વિશ્વ વિદ્યાલય જબલપુર, દ્વારા આયોજિત સેમિનારમાં તા. ૧૧-૮ ના રોજ સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ **"Promoting Inclusive Environments best Practices in cross-Disability Accessibility"** વિષય પર ડૉ. સંતોષ યાદવ દ્વારા **રિસોર્સ પર્સન** તરીકે એક લેકચર લેવામાં આવ્યો હતો.

### એક્સટર્નલ પ્રેક્ટિકલ પરીક્ષા

તા. ૧૧-૮ થી ૧૪-૮ દરમ્યાન સંસ્થાની કોલેજમાં ડી.એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ.) ના વર્ષ ૨૦૨૧-૨૩ ના તાલીમાર્થીઓની સેમ.- ૩ અને ૪ અને ૨૦૨૨-૨૪ ના તાલીમાર્થીઓની સેમ.-૧ અને ૨ ની એક્સટર્નલ પરીક્ષા યોજાઈ ગયેલ. જેમાં આર.સી.આઈ. - એન.બી.ઈ.આર. દ્વારા એક્સટર્નલ એકઝામિનર તરીકે નિમણૂંક ત્રણ ઈન્ટરનલ અને પાંચ એક્સટર્નલ એકઝામિનરે ફરજ બજાવી હતી.

### સ્વતંત્રતા દિવસ ઉજવણી

કોલેજના તમામ તાલીમાર્થીઓ તેમજ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. સંતોષ યાદવ અને તમામ કર્મચારીગણે ધ્વજવંદન કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.

### રિસર્ચ પેપર

કોલેજના આસિ. પ્રોફે. શ્રી અજીતકુમાર દ્વારા **"ROLE OF ICT INCLUSIVE EDUCATION"** પર રિસચ પેપર **INTERNATIONAL JOURNAL OF MULTIDISCIPLINARY ADVANCE SCIENTIFIC RESEARCH AND INNOVATION (IJMASRI)** જર્નલ **ISSN : 2582-9130** અને **DOI : 10,53633/IJMASRI** જૂલાઈ ૨૦૨૩ વોલ્યુમ ૦૩ માં પ્રકાશિત કરવામાં આવેલ છે.

### દાતાશ્રી દ્વારા ભોજન

સ્વ. શ્રી મેઘનાબેન હાર્દિકભાઈ મહેતાના સ્મરણાર્થે, દાતાશ્રી બુધાભાઈ પટેલ દ્વારા તા. ૧૮-૮ ના રોજ કોલેજના વિદ્યાર્થીઓ અને તમામ વિભાગના કર્મચારીઓને ભોજન કરાવવામાં આવેલ.

### જર્નલ કલબ

કોલેજમાં તા. ૧૯-૮ ના રોજ **જર્નલ કલબ** યોજવામાં આવેલ. જેમાં **"Introduction to Universal Design for Learning (UDL) : Principal and Framework"** ટોપિક ઉપર કોલેજના પ્રિન્સિપાલ ડૉ. સંતોષ યાદવના માર્ગદર્શન હેઠળ

ડી.એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ) ના તાલીમાર્થી દેશરાજ મીનાએ સમજૂતી આપેલ. ત્યારબાદ તા. ૨૯-૮ ના રોજ **"National Curriculum Framework for Foundational stage 2022"** ટોપીક ઉપર કોલેજના આસિ. પ્રોફેસર શ્રી અજીતકુમારના માર્ગદર્શન હેઠળ બી.એડ. અને ડી.એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ) ના બે તાલીમાર્થીઓ ૧. શિવાની કુમારી અને ૨. દીપક તનવરે સમજૂતી આપેલ.

## ઈન્ટર્નશીપ

કોલેજના બી.એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ) ના બીજા વર્ષના કુલ ૭ તાલીમાર્થીઓની અભ્યાસક્રમ અંતર્ગત સંસ્થા સંલગ્ન શ્રી પી.એન.આર. સોસાયટીની સી.પી. બાળકોની શાળામાં તા. ૨૧-૮ થી ૩૧-૮ દરમ્યાન **ઈન્ટર્નશીપ** યોજવામાં આવેલ.

## અન્ય સંસ્થાની વિઝીટ



કાકડિયા બી.એડ. કોલેજ ભાવનગરના તાલીમાર્થીઓના અભ્યાસક્રમ અનુસાર, પ્રત્યક્ષ નિરીક્ષણ કરી વધારે સારી રીતે સમજ મેળવી શકે અને દિવ્યાંગ બાળકો કઈ રીતે અભ્યાસ કરી શકે ? તે વિશે સમજૂતી મેળવી શકે તે માટે તા. ૨૪-૮ ના રોજ સંસ્થામાં વિઝીટ માટે આવેલ. જેમાં કાકડિયા કોલેજના પ્રિન્સિપાલશ્રી દ્વારા કોલેજને ગિફ્ટ આપવામાં આવેલ, જે કોલેજના લેક્ચરર શ્રી દયાબેન વકાણીએ સ્વિકારેલ.

## ઓનલાઈન સી.આર.ઈ.નું આયોજન

કોલેજમાં તા. ૨૬ ઓગસ્ટ'૨૩ ના રોજ આર.સી.આઈ. માર્ગદર્શન હેઠળ એક દિવસીય ચાર કલાકના ઓનલાઈન સી.આર.ઈ. કાર્યક્રમ આર.સી.આઈ. ના વેબેક્સ પ્લેટફોર્મ પર યોજવામાં આવેલ. જેનો ટોપીક **ક્રોસ-ડિસેબિલિટીવાળા બાળકો માટે પ્રારંભિક હસ્તક્ષેપ અને વ્યૂહરચના** વિશે માહિતી મેળવવાનો હતો. આ કાર્યક્રમમાં ભારતના અલગ-અલગ રાજ્યમાંથી ૨૫૦ થી પણ વધારે લોકોએ વેબેક્સ અને ઝૂમ પ્લેટફોર્મ પરથી એક દિવસીય કાર્યક્રમનો લાભ લીધો હતો. તેમજ કાર્યક્રમનું સીધું પ્રસારણ યુટયુબ ચેનલ પર કરવામાં આવેલ.

કાર્યક્રમમાં રાષ્ટ્રિય કક્ષાના નિષ્ણાત ૧. શ્રીમતી મંજુ યાદવ દ્વારા **ક્રોસ-ડિસેબિલિટી બાળકોની પ્રારંભિક તપાસ અને મૂલ્યાંકન** ટોપીક તથા ડૉ. ધનંજય દેશમુખ દ્વારા **ક્રોસ-ડિસેબિલિટી ધરાવતા બાળકો માટે યુનિવર્સલ ડિઝાઈન ફોર લર્નિંગ** (UDL), ટોપીક પર તથા ડૉ. સંતોષ યાદવ દ્વારા **ક્રોસ વિકલાંગ બાળકો માટે વ્યક્તિગત શિક્ષણ યોજના** (IEP) ટોપીક પર તેમજ શ્રી અજીતકુમાર દ્વારા ક્રોસ ડિસેબિલિટી ધરાવતા બાળકો માટે **મલ્ટિડિસિપ્લિનરી ટોપીક** પર એક કલાકના લેકચર લીધેલ અને રિસોર્સ પર્સન તરીકે સેવા આપવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના ચેરમેન શ્રી ડી. જે. ધંધુકિયા અને ટિચર્સ ટ્રેનિંગ કોલેજના આચાર્યશ્રી ડૉ. સંતોષ યાદવ દ્વારા કરવામાં આવેલ.

## રક્ષાબંધન

કોલેજમાં તા. ૨૯-૮ ના રોજ બી.એડ. અને ડી.એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ) ના તાલીમાર્થીઓ દ્વારા **રક્ષાબંધનની ઉજવણી** કરવામાં આવેલ. જેમાં શાળાના મેદાનમાં સ્ટાફ તેમજ તાલીમાર્થીઓ દ્વારા રાખડી બાંધી ઉજવણી કરવામાં આવેલ.


## શિક્ષક દિવસ

તા. ૫-૯ ના રોજ કોલેજમાં બી.એડ. અને ડી. એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ) ના તાલીમાર્થીઓ દ્વારા **શિક્ષક દિવસની ઉજવણી** કરવામાં આવેલ. જેમાં તાલીમાર્થીઓએ સંસ્થાના દરેક કર્મચારીઓની કામગીરી વિશે માહિતી, સંસ્થાના પ્રમુખશ્રી થી સફાઈ કામદાર સુધીના દરેક કર્મચારીઓના કાર્યની ભૂમિકા ભજવેલ. ત્યારબાદ સંસ્થાના મહાવીર ઓડિટોરિયમમાં તાલીમાર્થી ભાઈઓ દ્વારા એક ડિસેબિલિટીના મોડેલ ઉપર **માઈમ** રજૂ કરવામાં આવેલ અને બહેનોએ પણ શ્રેષ્ઠ શિક્ષકની ઓળખ આપતું 'રાવડી કલાસ' નામનું એક નાટક રજૂ કરેલ. તેમજ લોકલ ફોર લોકલના શિર્ષક હેઠળ દેશના અલગ-અલગ રાજ્યના પ્રસિધ્ધ પહેરવેશ અને ખાનપાન વિશે પીપીટી દ્વારા પ્રોજેક્ટ ઉપર પ્રેઝન્ટેશન કરવામાં આવેલ. કાર્યક્રમમાં સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, સહમંત્રીશ્રી અમિતભાઈ શાહ, કોલેજના પ્રિન્સિપાલ ડૉ. સંતોષ યાદવ, ઓડિયોલોજિસ્ટ શ્રી અનિલકુમાર સિંઘ તેમજ માધ્યમિક શાળાના પ્રિન્સિપાલ શ્રી શૈલેષભાઈ દવે ઉપસ્થિત રહેલ. તેમનું પૂષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ. કાર્યક્રમમાં ભાગ લીધેલ તાલીમાર્થીઓને સર્ટિફીકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવેલ.

## જન્માષ્ટમી

કોલેજમાં બી.એડ. અને ડી. એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ) ના તાલીમાર્થીઓ અને સ્ટાફ દ્વારા તા. ૬-૯ જન રોજ **જન્માષ્ટમી** ની ઉજવણી કરવામાં આવેલ. જેમાં તાલીમાર્થીઓ દ્વારા શાળાના પટાંગણમાં કૃષ્ણ ભગવાનનું સ્થાપન કરવામાં આવેલ. જેમાં બી.એડ. પ્રથમ સેમેસ્ટરના તાલીમાર્થી જોષી દેવાંગ અને દવે દિપેને

મંત્ર અને વિધિ કરીને સૌને પૂજા કરાવેલ. જેમાં સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા મુંબઈથી પધારેલ દાતા શ્રી જીતુભાઈ શાહ અને તેમનો પરિવાર અને સ્ટાફના કર્મચારીઓને પૂજા કરાવેલ. જન્માષ્ટમીના પાવન દિવસે શ્રી કૃષ્ણ ભગવાનની પૂજા કરી આશીર્વાદ લીધેલ. ત્યારબાદ રાસ રમીને, તાલીમાર્થી દ્વારા મટકી ફોડ દ્વારા કૃષ્ણ જન્મોત્સવ ઉજવવામાં આવેલ.



કોલેજમાં બી.એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ) ૨૦૨૨-૨૪ ના વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની હિરલ ગોહેલ દ્વારા ગુરુની વ્યાખ્યા આપતી રચના કરવામાં આવેલ. જેમાં ગુરુના મહત્વ વિશે પોતાના વિચારો વ્યક્ત કરેલ.

**હિન્દી દિવસ**

કોલેજમાં તા. ૧૪-૯ ના રોજ બી.એડ. અને ડી. એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ) ના તાલીમાર્થીઓ દ્વારા **હિન્દી દિવસની ઉજવણી** કરવામાં આવેલ. જેમાં ઈ.સ. ૧૯૫૩ થી દર વર્ષે ભારત દેશમાં રાષ્ટ્ર ભાષા પ્રચાર સમિતિ વર્ધાના મત અનુસાર ૧૪ સપ્ટેમ્બરને હિન્દી દિવસ તરીકે મનાવવામાં આવે છે. આ વર્ષે **માતૃભાષાની ઉન્નતિ અને રાષ્ટ્રિય શિક્ષા નીતિમાં ભાષાયી સંદર્ભ** નામની થીમ રાખવામાં આવેલ. દરેક તાલીમાર્થીઓએ હિન્દી દિવસ વિશે પોતાના મતંવ્યો રજૂ કરેલ.



ભાવનગર નવજવાન સંઘ સંચાલિત

# શેઠ શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ

સૂર્યકાંત ચાવડા



## શ્રી શામજીભાઈ માવજીભાઈ પારેખની પૂણ્યતિથિ નિમિત્તે વિનામૂલ્યે તબીબી તપાસ તથા મોતિયાના ઓપરેશનનો કેમ્પ

તા. ૩૧-૭ ના રોજ સ્વ. શામજીભાઈ માવજીભાઈ પારેખની પૂણ્યતિથિ નિમિત્તે વિનામૂલ્યે તબીબી તપાસ તથા મોતિયાના ઓપરેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું.

જેમાં આંખ સર્જન ડૉ. હર્ષાબેન મહેશ્વરી, દાંત સર્જન ડૉ. વંદનાબેન દેવમુરારી, બાળરોગ નિષ્ણાત ડૉ. હિનલબેન ગુજરાતી, જનરલ ડૉ. મુકુંદ પંડયા, માનસિક રોગ નિષ્ણાત ડૉ. મૈત્રેયી શાસ્ત્રી તેમજ ચામડીના રોગોના નિષ્ણાત ડૉ. જયદીપ પરમારે સેવા આપી હતી.

આ કેમ્પમાં ૪૦ દર્દીઓને વિનામૂલ્યે તબીબી તપાસ કરી આપવામાં આવી, તેમજ જરૂરત જણાયેલ તેઓના આંખના મોતિયાના વિનામૂલ્યે ઓપરેશન કરી આપવામાં આવેલ.

તમામ ડૉક્ટરશ્રીઓ, દર્દી દેવો અને સ્ટાફની ઉપસ્થિતિમાં કેમ્પની શરૂઆત સંસ્થાના ઉપપ્રમુખ શ્રી રાજેશભાઈ હકાણી તથા માનદ મંત્રી શ્રી સૂર્યકાંતભાઈ ચાવડાના વરદ હસ્તે દીપ પ્રગટાવી કરવામાં આવી હતી.

**નિઃશૂલ્ક મોતિયાના ઓપરેશનનો નિદાન કેમ્પ**

તા. ૨૬-૮ ના રોજ મોતિયાના ઓપરેશનના નિદાનનો **નિઃશૂલ્ક કેમ્પ**નું આયોજન કરવામાં આવેલ હતું. આ કેમ્પ સ્વ. શ્રી સવિતાબેન શાંતિલાલ ગાંધીના સ્મરણાર્થે યોજવામાં આવેલ હતો. જેમાં પ્રથમ દીપ પ્રાગટય શ્રી હંસાબેન કીર્તિભાઈ ગાંધી, શ્રી કીર્તિભાઈ ગાંધી તેમજ ગાંધી પરિવાર દ્વારા કરવામાં આવેલ હતું. જેમાં સંસ્થાના માનદ મંત્રી શ્રી સૂર્યકાંતભાઈ ચાવડા, ટ્રસ્ટી શ્રી વિરેન્દ્રભાઈ ડી. શાહ, શ્રી ચેતનભાઈ રાણા તથા પી.એન.આર. સોસાયટીના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, પી.એન.આર. હોસ્પિટલના ચેરમેન શ્રી મહાસુખભાઈ જકડિયા, ડૉ. હર્ષાબેન મહેશ્વરી, ડૉ. વંદનાબેન દેવમુરારી, ડૉ. મુકુંદ પંડયા તેમજ સંસ્થાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ કેમ્પમાં ૩૨ દર્દીઓએ લાભ લીધો હતો.





સ્વ. ભાવસાર દેવચંદભાઈ મુળજીભાઈ તળાજીયા અને સ્વ. ભાવસાર ખમાલક્ષ્મી દેવચંદભાઈ તળાજીયા

# 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા

નેહલ ગઢવી



## રક્ષાબંધન પર્વની ઉજવણી



તા. ૨૬ ઓગસ્ટ ’૨૩ ના રોજ શાળામાં શ્રી મનહરભાઈ રાઠોડ (પ્રમુખશ્રી રોટરી રોયલ ક્લબ), શ્રી ગૌરવભાઈ (મંત્રીશ્રી રોટરી રોયલ ક્લબ) તથા સભ્યો દ્વારા શાળાની વિદ્યાર્થીનીઓની સાથે **રક્ષાબંધન પર્વની ઉજવણી** કરવામાં આવેલ. આ પ્રસંગે સંસ્થાના ઉપપ્રમુખ શ્રી વિનુભાઈ હકાણી, માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ, માનદ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ ઉપરાંત વલ્લભ યુથ ઓર્ગોનાઈઝેશન (VYO) ના બહેનો, તેમજ સરદાર પટેલ તથા સિલ્વર બેલ્સ સ્કૂલની વિદ્યાર્થીનીઓએ શાળાના બાળકો સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી કરી, સામાજિક ઐકયપણાનો સુંદર ભાવ દર્શાવી, સમાજમાં એક ઉત્તમ ઉદાહરણ પુરું પાડેલ.

## જન્માષ્ટમી પર્વની ઉજવણી

દર વર્ષની જેમ આ વર્ષે પણ શાળામાં તા. ૧ સપ્ટે.’૨૩ ના રોજ હર્ષોલ્લાસ સાથે **જન્માષ્ટમી પર્વની ઉજવણી** કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત શાળાના બાળકોની સુંદર પ્રાર્થના દ્વારા કરવામાં આવેલ. માનદ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહે આવેલ મહેમાનોનું શાબ્દિક સ્વાગત, તેમજ સ્મૃતિભેટથી અભિવાદન કર્યું હતું. ત્યારબાદ મટકી ફોડ, કૃષ્ણ ઝૂલા ઝૂલાવવા તથા કૃષ્ણ ભક્તિના ગીતો પર બાળકો રાસ રમ્યાં હતાં. અતિથિ વિશેષ શ્રી રાજદીપસિંહ જેઠવા (સભ્ય શિક્ષણ સમિતિ, મહાનગરપાલિકા-ભાવનગર) એ પ્રાસંગિક ઉદ્દબોધન આપેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવીએ અને આભારવિધિ માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠે કરી હતી. કાર્યક્રમનું સંકલન આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીએ કર્યું હતું.





# સ્વ. શશીકાંત સાકરલાલ વેલાણી ટિચર્સ ટ્રેનિંગ કોલેજ ફોર આઈ.ડી. ચિલ્ડ્રન

ડો. ભાવિકા કામદાર



## ઓરિએન્ટેશન પ્રોગ્રામ :

સ્વ. શશીકાંત સાકરલાલ વેલાણી ટિચર્સ ટ્રેઈનિંગ કોલેજમાં વર્ષ ૨૦૨૩-૨૫ માં પ્રવેશ મેળવેલ તાલીમાર્થીઓ માટે એક **ઓરિએન્ટેશન પ્રોગ્રામ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં કો-ઓર્ડિનેટર ડૉ. શ્રી ભાવિકાબેન કામદારે D.Ed. Spl. Ed. (IDD) વિશે તાલીમાર્થીઓને માહિતી આપી હતી. ત્યારબાદ શાળાના આચાર્ય શ્રી મેઘજીખાને સ્પેશ્યલ સ્કૂલ અને નોર્મલ સ્કૂલ વચ્ચેના તફાવત અંગે વાત કરી હતી. સ્પેશ્યલ બાળકોમાં વિવિધ થેરાપીનું શું મહત્વ છે તેના વિશે ડૉ. શ્રી ભાવનાબેન અંધારિયાએ સમજણ આપેલ. શ્રી પારૂલબેન પાઠકે IDD બાળકોની ઓળખ અને તેની વર્તણૂક સમસ્યા અંગે માહિતી આપેલ. મનોદિવ્યાંગ બાળકોના શિક્ષણમાં ICT નું મહત્વ તેમજ Smart Board નો ઉપયોગ કઈ રીતે કરવો તે શ્રી જયપાલસિંહ ગોહિલે પ્રેક્ટિકલ રીતે સમજાવેલ. ત્યારબાદ શ્રી હરદીપભાઈ કામળિયાએ મનોદિવ્યાંગ બાળકોની ટિચીંગ મેથડ વિશે TLM ના માધ્યમથી સચોટ અને અતિ ઉપયોગી માહિતી આપેલ. અંતમાં શ્રી નેહલબેન ગઢવીએ આ બાળકો માટે કામ કરવાની શા માટે જરૂરિયાત છે ? તેના વિશે સુંદર વકતવ્ય આપેલ. આ સમગ્ર ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન અને સંકલન કો-ઓર્ડિનેટર ડૉ. શ્રી ભાવિકાબેન કામદાર અને શ્રી આરીફભાઈ જેઠવા દ્વારા કરવામાં આવેલ.

## એજ્યુકેશનલ વિઝીટ :



ટિચર્સ ટ્રેઈનિંગ કોલેજમાં વર્ષ ૨૦૨૩-૨૫ D.Ed. Spl. Ed. (IDD) માં પ્રવેશ મેળવેલ તાલીમાર્થીઓ દરેક ડિસેબલ્ડ બાળકો અને તેની શિક્ષણ પધ્ધતિથી પરિચીત થાય તેવા ઉમદા હેતુ સાથે PNR સોસાયટી સંલગ્ન સંસ્થા જેમ કે K.L. Deaf School, K.K. Blind School, Natraj C.P. School, K.N. Shah High-Tech Inclusive School તેમજ દક્ષિણા મૂર્તિ બાલમંદિર, માઈક્રોસાઈન કંપની વિગેરેની મુલાકાત લીધેલ. આ સમગ્ર **એજ્યુકેશનલ વિઝીટ**નું સંકલન તેમજ વિઝીટ દરમ્યાન શ્રી આરિફભાઈ જેઠવા સાથે રહેલ.



# એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ

✍ સુકેતુ શાહ



## નિઃશૂલ્ક ઓનલાઈન તાલીમ અને લેપટોપ વિતરણ કાર્યક્રમ



દિવ્યાંગ ભાઈઓ તથા બહેનો માટે એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટ દ્વારા વર્તમાન સમયને અનુલક્ષિને તેમજ દિવ્યાંગજનોને અનુકૂળ રહે તે માટે ઓનલાઈન **લેપટોપ વિતરણ** તેમજ **તાલીમ**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તા. ૧૮ ઓગસ્ટ ૨૩ ના રોજ કોમ્પ્યુટર બેઝિક કોમ્પ્યુટર ફંડામેન્ટલ કોર્સની દ્વિતીય બેચ શરૂ થવા જઈ રહી હોય, જેમાં મહુવા તાલુકાના ૨૮ જેટલા દિવ્યાંગ ભાઈઓ-બહેનોને ઓનલાઈન તાલીમ અર્થે સંસ્થા દ્વારા ૨૮ નંગ અદ્યતન લેપટોપ સાથે બુકસ, સીડી, હેન્ડસ ફ્રી તેમજ ઈન્ટરનેટ જોડાણ માટે પ્રિપેઈડ ડોંગલ જેવા સંસાધનો નિઃશૂલ્ક વિતરણ સંસ્થાના ટ્રસ્ટીગણ સર્વશ્રી બાબાભાઈ, શ્રી પારસભાઈ શાહ, શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી એચ.પી. રાખશિયા, શ્રી પ્રદીપભાઈ ભટ્ટ તથા સિનિયર એક્ઝિક્યુટિવ શ્રી સુકેતુભાઈ શાહ અને શ્રી મેહુલભાઈ બુધેલિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ તમામ તાલીમાર્થીઓને આજરોજ સંસ્થા ખાતે તાલીમાર્થી તેમજ તેમના વાલી સાથે મિટીંગ કરી જે ઘરે બેઠાં તેઓ તાલીમ મેળવી શકે તેવા હેતુ સહ ઓનલાઈન તાલીમ પધ્ધતિ અંગેનું માર્ગદર્શન અને પ્રોત્સાહન પાઠવવામાં આવ્યું હતું.

**વર્ષ એપ્રિલ ૨૦૨૩ - સપ્ટેમ્બર ૨૦૨૩ દરમિયાન તાલીમ મેળવતા તાલીમાર્થીઓની સંખ્યા - ઓનલાઈન કોર્સ**

| તાલુકો | સંખ્યા |
|---|---|
| પાલિતાણા-જેસર | ૨૫ |
| તળાજા | ૩૮ |
| ઉમરાળા | ૦૫ |
| મહુવા | ૨૮ |
| વલ્લભીપુર | ૦૫ |
| ઓફલાઈન | |
| ભાવનગર | ૨૯ |
| **કુલ** | **૧૩૦** |

## ઈ-મેઈલ - વોટસઅપથી 'કોશિશ' મેળવો.

માનવંતા વાચકોને જણાવવાનું કે સંસ્થાનું 'કોશિશ થી કામયાબી' મેગેઝિન આપને હવેથી ઈ-મેઈલ તથા વોટસઅપ દ્વારા મોકલવાનું આયોજન કર્યું છે, તો આપનું E-Mail ID તથા વોટસઅપ નંબર અને આપનું નામ, નીચેના E-Mail ID ઉપર મોકલવા વિનંતી.

E-Mail : info@pnrsociety.org



# યુવક સંમેલન મુંબઈ
# લાઈબ્રેરી

✍ છાયા જોષી



**લાઈબ્રેરીમાં ઓગસ્ટ / સપ્ટેમ્બર મહિના દરમ્યાન નીચે મુજબ એક્ટિવિટી કરાવવામાં આવી.**

૧. **૧૯૦** પુસ્તકો ઈસ્યુ થયા, ૨. **૪૫** ટોયઝ ઈસ્યુ થયા, ૩. **૩૫** સ્પેલિંગ એક્ટિવિટી, ૪. **૩૦** મેથ્સ એક્ટિવિટી, **૧૦** ડ્રોઈંગ એક્ટિવિટી

**લાઈબ્રેરીમાં ૧૫મી ઓગસ્ટની ઉજવણી**

લાઈબ્રેરીમાં ૧૫મી ઓગસ્ટના સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી ખૂબજ ઉત્સાહભેર કરવામાં આવી. કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના બાળકો, તેમજ સી.પી. સ્કૂલના બાળકોએ સુંદર મજાનું તિરંગાનું ડ્રોઈંગ બનાવી, સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરી હતી.

## સકસેસ સ્ટોરી

PNR સોસાયટીના નટરાજ કોલેજ કેમ્પસમાં આવેલ લાઈબ્રેરીમાં બાળકોને ‘‘લર્ન વિથ ફન’’ થીમ પર વિવિધ એક્ટિવિટી કરાવવામાં આવે છે, જેમ કે સ્પેલિંગ શોધો, મેથ્સ પઝલ, મિસિંગ નંબર શોધો, આકાર ઓળખો, સરખામણી કરો, ટપકા જોડી ચિત્ર બનાવો, તેમજ કલરિંગ કરો જેવી એક્ટિવિટી કરાવવામાં આવે છે. આથી બાળકો હોંશે-હોંશે લાઈબ્રેરીમાં આવે છે. સી.પી. સ્કૂલ ધો. ૭ માં અભ્યાસ કરતો કેવલ કલ્પેશભાઈ સોલંકી જયારે પહેલીવાર લાઈબ્રેરીમાં આવ્યો ત્યારે મને એવું લાગ્યું કે તેને વચવું ગમે છે. મેં તેને શરૂઆતમાં વાંચવામાં રસ પડે તેવી ટૂંકી વાર્તાની નાની-નાની બુક વાંચવા આપી. ત્યારબાદ ધીમે-ધીમે કેવલનો વાંચવામાં રસ વધવા લાગ્યો . મેં તેને પ્રોત્સાહિત કર્યો, આમ ધીમે-ધીમે કેવલને વાંચવામાં ફાવટ આવી ગઈ. કેવલે ‘‘સિંદબાદની સાત સફર’’, ‘‘પંચશીલ કથાઓ’’, ‘‘ઈસપની રસપ્રદ વાર્તાઓ’’,‘‘બકોર પટેલની વાર્તાઓ’’, ‘‘ભીષ્મ પિતામહ’’, ‘‘ભગવાન શ્રીરામ’’, ‘‘બાળ વૈજ્ઞાનિક’’ વગેરે પુસ્તકો વાંચ્યા છે. કેવલે તા. ૧૦-૭-૨૩ થી તા. ૮-૮-૨૩ દરમ્યાન ૩૦ દિવસમાં ૪૫ પુસ્તકો વાંચીને એક નવો રેકોર્ડ બનાવ્યો છે. કેવલે, કાકડિયા હર્ષનો ૨૯ દિસવમાં ૪૩ પુસ્તકો વાંચવાનો રેકોડર્ર બ્રેક કર્યો છે. સોલંકી કેવલને **રીડર ઓફ ધ યર એવોર્ડ** થી સન્માનિત કરવામાં આવ્યો છે. સોલંકી કેવલ જીવનમાં ખૂબજ આગળ વધે અને સફળતાના શિખરો સર કરે તેવી શુભેચ્છાઓ.



## વ્હીલચેર-હોપ ફોર હેન્ડિકેપ્ડ

‘‘કાકા, વોટ ઈસ ધીસ ? વ્હીલચેરની ગિફ્ટ તો કોઈ લાવવું હશે ? શું તમે એવું ઈચ્છો છો કે મારી દીકરી આખી જિંદગી આમ અપંગ થઈ ખુરશીમાં પડી રહે ?’’

સુકાંત તેના કાકાને ઠપકો આપી રહયો હતો. કાકા સુકાંતની જન્મથી જ પેરેલાઈઝડ એવી આઠ વર્ષની બાળકી પ્રિયલ માટે વ્હીલચેરની ગિફ્ટ લાવ્યા હતા. કાકાએ સુકાંતની વાતનું જરાય ખોટું લગાડયા વગર કહ્યું, ‘‘તારી દીકરી ત્રણ વર્ષથી ઘરની બહાર નથી નીકળી. તેને તેડી શકાય ત્યાં સુધી તું તેને લઈને ફરતો. અને હવે ?’’

સુકાંત ચૂપ હતો. તેની દીકરી જાણે ઘરમાં જ નજરકેદ હતી. કાકાએ પ્રિયલને ઊંચકીને વ્હીલચેરમાં બેસાડી અને તેને બાલ્કનીમાં લઈ જતા સુકાંતને કહ્યું,‘‘તું એને આ વ્હીલચેરમાં બેસાડી બહારનું વિશ્વ જોવા તો લઈ જા. પ્રિયલની આંખો આ વિશ્વની સુંદરતાને માણવાના સપના જોશે. જયારે મન સપના સાકાર કરવાનું નક્કી કરી લે છે તો કેવીય અપંગતા તેને રોકી નથી શકતી.’’ થોડા દિવસ પછી કાકાને સુકાંતનો ફોન આવ્યો. ‘‘કાકા, પ્રિયલ વ્હીલચેરમાંથી પડી ગઈ.’ કાકાને દુઃખ થયું અને બોલ્યા.

‘‘ઓહ, સો સોરી. તેં એવી ગિફ્ટ આપવાની ના પાડી હતી પણ મેં દબાણ કરી તે વાપરવા કહ્યું હતું. હું તેને પાછી લઈ જઈશ.’’ પરંતુ સુકાંતના શબ્દોમાં તો ઉમંગ વર્તાઈ રહ્યો હતો. તે કહે, ‘‘કાકા, પ્રિયલ પતંગિયાને પકડવા ઊભી થવા ગઈ તેમાં પડી.’’ થોડો ગળગળો થઈ તે બોલ્યો,‘‘કાકા તમારી વ્હીલચેરે તેના શરીરને જ નહીં, તેની ઈચ્છાઓને પણ દોડતી કરી દીધી. આ ઈચ્છાઓ જ તેને વ્હીલચેરથી મુકત કરી દેશે.’’ કાકાના શબ્દો હતા,‘‘ઈચ્છાઓ જ બળવાન છે. તે આજે તેને પતંગિયા પકડવા દોડાવે છે, કાલે સપના પકડવા દોડાવશે.’’

**સૌ. : સૌરાષ્ટ્ર સમાચાર**

# ૧ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૩ સુધીના દાતાઓની યાદી

PNR
HOPE 4 ALL

## P. N. R. SOCIETY

### 80-G

| | Rs. |
|---|---|
| Member Of Mental Health For The Year 2023-24 - Bhavnagar | 5,000 |
| Innerwheel Club Of Bhavnagar - Bhavnagar | 6,000 |
| Shri Kalpanaben G. Bhatt - Bhavnagar | 2,500 |
| M/S. Hetal Apurva Foundation - Mumbai | 7,000 |
| Shri Harsha Sheth - Mumbai | 7,000 |
| Shri Jitendrabhai J. Mehta - Mumbai | 5,000 |
| Shri Yogesh Vadilal Kamdar - Mumbai | 25,000 |
| Shri Mukesh Mahendraprasad Oza - Mumbai | 50,000 |
| Shri Pratibhaben Girishbhai Shah - Bhavnagar | 50,000 |
| Shri D.K.Ajmera Foundation Trust Shri Dhanvantrai.K.Ajmera - Mumbai | 25,00,000 |
| Shah & Shah Associates (C.A.) - Ahmedabad | 1,01,000 |
| Shri Niraj Sureshbhai Mehta - Mumbai | 1,00,000 |
| Shri Nirav Bhaveshbhai Rathod - Bhavnagar | 5,000 |
| Shri Modern Stone Industries - Bhavnagar | 11,000 |
| Shri Rasiklal Ratilal Doshi - Mumbai | 1,50,000 |

### CSR

| | Rs. |
|---|---|
| M/S. Steckbeck Jewelry Pvt.Ltd - Mumbai | 4,00,000 |
| M/S. Steckbeck Jewelry Pvt.Ltd - Mumbai | 4,00,000 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | |
|---|---|
| Late Gitaben Mohanbhai Solanki - Bhavnagar | 5,100 |
| Shri Mukesh Oza - Mumbai | 50,000 |
| Shri Dev Shriyanshi - Bhavnagar | 6,000 |
| Shri Aadi Jin Yuvak Charitable Trust - Mumbai | 30,000 |
| Shri Vasudev Kutumbkam Group - Bhavnagar | 6,000 |
| Dr. Shri Hardik Khatri - Bhavnagar | 10,000 |
| Shri Nikit D. Narvani - Bhavnagar | 6,000 |
| Shri Bhavesh Himatbhai Chavda-Bhavnagar | 1,00,000 |
| Shri Yogeshbhai P. Pandya - Bhavnagar | 6,500 |
| Shri Naresh Kantilal Shah - Mumbai | 6,000 |
| The Rubber & Chemical Merchants - Mumbai | 75,000 |
| Exceutors Of Late Natwarlal D Nagariya - Mumbai | 20,000 |
| Shri Tasviben Kevalbhai Jasoliya - Bhavnagar | 8,000 |
| Shri Rohan Anandbhai Shah - Bhavnagar | 4,000 |
| Shri Arjun Anandbhai Shah - Bhavnagar | 4,000 |
| Late Shri Nathalal Vitthaldas - Bhavnagar | 15,000 |
| Shri Ravindra P. Patel - Bhavnagar | 6,000 |
| Late Vinaben Harshadbhai - Bhavnagar | 1,000 |
| Shri Meetbhai Dabhi - Bhavnagar | 3,000 |
| Shri Aum Hiteshbhai Mehta - Bhavnagar | 15,000 |
| Shri Chiragbhai V. Patel - Bhavnagar | 15,000 |
| Shri Ashish H. Dungrani - Bhavnagar | 15,000 |
| Shri Rajubhai Shah - Bhavnagar | 17,000 |
| Shri Bharatbhai Kantilal Parekh - Bhavnagar | 16,000 |
| Shri Devangi Kapilbhai Bhil - Bhavnagar | 1,000 |
| Late Maganbhai Becharbhai Baraiya - Bhavnagar | 10,000 |
| Shri Manish Pranjivan Doshi - Mumbai | 12,000 |
| Shri Amitbhai N. Shah - Bhavnagar | 10,000 |
| Dr. Shri Nisarg Pankajbhai Shah - Bhavnagar | 25,000 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| | Rs. |
|---|---|
| M/S. Alang Auto And Gen. Engg. Co. Pvt. Ltd - Bhavnagar | 5,06,000 |
| Shri Madhu Silica Foundation - Bhavnagar | 2,00,000 |
| M/S. Hi-Tech Investment Castings Private Limited - Bhavnagar | 2,00,000 |
| Shri Madhav Shakti Charitable Trust - Bhavnagar | 40,000 |
| Shri Sahajanand Institute Of Nursing - Bhavnagar | 28,024 |
| Shri Neelimaben Nikunjbhai Sanghavi - Mumbai | 25,500 |
| Dr. Nisarg Pankajbhai Shah - Bhavnagar | 22,000 |
| Shri Dipinkumar G. Patel - Bhavnagar | 21,000 |
| Shri Damyantiben Lupendra Joshipura - Bhavnagar | 21,000 |
| Sheth Charitable Trust - Mumbai | 15,000 |
| Shri Vikramkumar Mulshankar Bhatt - Bhavnagar | 11,000 |
| M/S. Modern Stone Industries - Bhavnagar | 11,000 |
| Shri Pranavbhai Kanaiyalal Pandya - Bhavnagar | 5,151 |
| Shri Nehalben R. Gadhavi - Bhavnagar | 5,000 |
| Shir Kamleshbhai Rasiklal Sheth - Bhavnagar | 3,000 |
| Shri Jagdishbhai Chimanlal Joshi - Bhavnagar | 2,100 |
| Shri Pankajbhai Ghetiya - Rajkot | 2,000 |
| Shri Jayaben Indravadan Trivedi - Bhavnagar | 2,000 |
| Shri Kartik Sunilbhai Shah - Bhavnagar | 1,000 |

# PNR સોસાયટી તસ્વીર સમાચાર




PNRની AGM માં ઉપસ્થિત ટ્રસ્ટીશ્રીઓ...




AT&T દ્વારા લેપટોપ વિતરણ...



NAB દ્વારા ડૉક્ટરશ્રીઓનું સન્માન...



આર્ટ એન્ડ ક્રાફટમાં ભાગ લેનાર...



VCL માં વિનામૂલ્યે નિદાન કેમ્પનું ઉદ્‌ઘાટન...





વૃક્ષારોપણ કાર્યક્રમમાં ઉપસ્થિત કાર્યકરો...




સી.પી. સ્કૂલ દ્વારા જન્માષ્ટમીની ઉજવણી

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 October - 23 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 28




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com